# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions




**પહેલીવાર સરકાર ઝૂકી; યુવાના આક્રોશ સામે મોદી સરકારે પ્રધાનનું રાજીનામું લેવું પડ્યું**

# નમો નતમસ્તક!


**Year :** 04, **Issue :** 75, Dt. 25-07-2026 (SATURDAY) Rs. 02/- **Page :** 22, RNI No. GUJGUJ/2023/84789


# ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધું છે. પેપર લીક કેસમાં તેમના રાજીનામાની માગ કરતા કોકરોચ જનતા છેલ્લા ૩૬ દિવસથી જંતર-મંતર પર ધરણા પ્રદર્શન કરી રહી છે. રાજીનામા પછી જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટીના પ્રમુખ અભિજીત દીપકે કહ્યું- તેઓ કહેતા હતા કે આ સરકારમાં રાજીનામા નથી થતા, પરંતુ ઝુકતી હૈ દુનિયા, ઝુકાનેવાલા ચાહિએ.

પ્રધાને રાજીનામાને લઈને સોશિયલ મીડિયા પર પત્ર પોસ્ટ કર્યો. બે પેજ અને ૫૭૫ શબ્દોમાં લખેલા આ પત્રમાં પ્રધાને બાકીની વાતો સાથે બે જગ્યાએ યુવાનોને ભ્રમિત કરવાની વાત પણ લખી. પત્રનો આ ભાગ નીચે હાઈલાઈટ કરવામાં આવ્યો છે. જંતર-મંતર પર અભિજીત દીપકેએ કહ્યું- મંત્રીનું રાજીનામું તો થઈ ગયું છે, પરંતુ અમારી બીજી બે માંગણીઓ છે. અમે નહીં જઈએ, કોકરોચ એકવાર ઘૂસે છે તો નીકળતો નથી. જે બાળકોએ આત્મહત્યા કરી તેમના પરિવારને એક કરોડ વળતર મળે. પોલીસવાળાઓ પર કાર્યવાહી થવી જોઈએ.

અમે તો એક મંત્રીનું રાજીનામું લઈ લીધું, તો તમે લોકો શું ચીજ છો. વિદ્યાર્થીઓ પરના કેસ પાછા ખેંચાવા જોઈએ. ભાઈ આ લોકતંત્ર છે. મને એક મહિનાથી લોકો કહેતા હતા કે શું કરી રહ્યા છો, ક્યાં સુધી બેસશો. આ રાજીનામું નહીં આપે. પણ અમે કરી બતાવ્યું.

ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી કોકરોચ જનતા પાર્ટીની પ્રતિક્રિયા આવી છે. પાર્ટી તરફથી પોસ્ટ કરીને કહેવામાં આવ્યું કે કોકરોચની જીત થઈ.

## આ 5 કારણોસર સરકાર ગભરાઈ

- જંતર-મંતરના દાયરામાંથી બહાર નીકળી ગયું હતું વિરોધ પ્રદર્શન
- સરકાર પર ૩ મોરચેથી એકસાથે દબાણ
- સંગઠનની અંદર સલાહ, RSSનું વલણ
- સરકારની યુવા-વિરોધી છબી બનવાનો ખતરો
- યુપી, પંજાબ સહિત આવનારી ચૂંટણીઓમાં નુકસાનનો ડર



CJP પ્રવક્તા સૌરવ દાસે કહ્યું

# બે માંગણીઓ લેખિતમાં ખાતરી નહીં મળે ત્યાં સુધી અમે હટવાના નથી



## જે બાળકોએ આત્મહત્યા કરી તેમના પરિવારને 1 કરોડ વળતર આપો : પોલીસકર્મીઓ પર કાર્યવાહી થવી જોઈએ




સુધી બાકીની માંગણીઓ પર લેખિત ખાતરી નહીં મળે ત્યાં સુધી અમે હટવાના નથી. ખરેખર, કોકરોચ જનતા પાર્ટીની ૩ મુખ્ય માંગણીઓ હતી - ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું, NEET પેપર લીકના કારણે આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓના પરિવારજનોને વળતર અને પ્રદર્શનકારીઓ સામે કોઈ કાનૂની કાર્યવાહી ન થાય. ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી જંતર-મંતર પર અભિજીત દીપકે કહ્યું - મંત્રીનું રાજીનામું તો થઈ ગયું છે, પરંતુ અમારી બીજી ૨ માંગણીઓ છે. અમે આમ નહીં જઈએ. કોકરોચ એકવાર ઘૂસે છે, તો નીકળતો નથી. જે બાળકોએ આત્મહત્યા કરી તેમના પરિવારને એક કરોડ વળતર મળે. પોલીસકર્મીઓ પર કાર્યવાહી થવી જોઈએ.

રાજીનામા પછી ધર્મેન્દ્ર પ્રધાને શું કહ્યું

# હું યુવાનોની ભાવનાઓનું સન્માન કરૂ છું : પ્રધાન



**દેશની એકતા બની રહે, ભારતમાં એક પણ વિદ્યાર્થીનું ભવિષ્ય કાયદાકીય કાર્યવાહીમાં ન પસાર થાય તેઓ કેરિયરમાં ધ્યાન આપે આ વતને ધ્યાને રાખીને મે મારૂં રાજીનામું મોકલી આપ્યું છે**

ભારતની યુવાન પેઢીનાં સપનાંને સાકર કરવા એ અમારો રાજનીતિક અને સામાજિક જીવનનો સંકલ્પ રહ્યો છે. આદરણીય વડા પ્રધાનજીના દૂરદર્શી નેતૃત્વમાં રાષ્ટ્રની સેવા કરવાની તક જે મને મળી તે માટે હું તેમનો આભાર પ્રગટ કરું છું.

તેમણે કહ્યું કે નીટ-યુજી પરીક્ષામાં જે અનિયમિતતા જોવા મળી તે મામલે તેમણે જવાબદારી લીધી હતી. તેમણે લખ્યું, "પહેલા જ દિવસથી મેં તેની જવાબદારી લીધી હતી. આ પરિસ્થિતિમાં મેં મોં નહોતું ફેરવ્યું. મારો એક સંકલ્પ હતો કે અમે કોઈ પણ પ્રભાવી વિદ્યાર્થીઓની સંભાવના પરીક્ષા માફિયાને કારણે ખરાબ નહીં કરવા દઈએ. કોઈ પણ વિદ્યાર્થી સાથે અન્યાય નહીં કરવા દઈએ. આંદોલન વિશે તેમણે લખ્યું, "પરંતુ આ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓને ગુમરાહ કરવા માટે જવાબદાર પદો પર બેઠેલા લોકોએ અવરોધ ઊભો કરવાની કોશિશ કરી અને તેનાથી હું વ્યથિત થયો. ધર્મેન્દ્રપ્રધાને એક્સ પર લખ્યું, "હું છેલ્લા ચાર દાયકાથી વધુ સમયથી વિદ્યાર્થી, શિક્ષક અને શિક્ષણ સુધારણા માટે સમર્પિત રહ્યો છું. મારો હંમેશાંથી એવો વિશ્વાસ રહ્યો છે કે સશક્ત, સર્વસમાવેશક અને દૂરદેશી શિક્ષણ વ્યવસ્થા જ એક મજબૂત રાષ્ટ્રની પાયાની શિલા હોય છે.

## ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી દિલ્હીમાં સેલિબ્રેશન



# જનતા જાગ ગઈ હૈઃ દિપકે

# ઝૂકતી હૈ દુનિયા ઝૂકાને વાલા ચાહિયે...

## અભિજીત દીપકે CJI સૂર્યકાંતનો આભાર માન્યો






**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધું છે. રાજીનામા પછી જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટીના પ્રમુખ અભિજીત દીપકે કહ્યું- તેઓ કહેતા હતા કે આ સરકારમાં રાજીનામા નથી થતા, પરંતુ ઝુકતી હૈ દુનિયા, ઝુકાનેવાલા ચાહિએ. પ્રધાને રાજીનામાને લઈને સોશિયલ મીડિયા પર પત્ર પોસ્ટ કર્યો. બે પેજ અને ૫૭૫ શબ્દોમાં લખેલા આ પત્રમાં પ્રધાને બાકીની વાતો સાથે બે જગ્યાએ યુવાનોને ભ્રમિત કરવાની વાત પણ લખી. પત્રનો આ ભાગ નીચે હાઈલાઈટ કરવામાં આવ્યો છે.

## જંતર-મંતર પર જશ્નનો માહોલઃ યુવાનો ઝૂમી ઉઠ્યા



## કોકરોચ છીએ એકવાર ઘૂસીએ તો નીકળતા નથી

જંતર-મંતર પર અભિજીત દીપકેએ કહ્યું- મંત્રીનું રાજીનામું તો થઈ ગયું છે, પરંતુ અમારી બીજી બે માંગણીઓ છે. અમે નહીં જઈએ, કોકરોચ એકવાર ઘૂસે છે તો નીકળતો નથી. જે બાળકોએ આત્મહત્યા કરી તેમના પરિવારને એક કરોડ વળતર મળે. પોલીસવાળાઓ પર કાર્યવાહી થવી જોઈએ.અમે તો એક મંત્રીનું રાજીનામું લઈ લીધું, તો તમે લોકો શું ચીજ છો. વિદ્યાર્થીઓ પરના કેસ પાછા ખેંચાવા જોઈએ. ભાઈ આ લોકતંત્ર છે. મને એક મહિનાથી લોકો કહેતા હતા કે શું કરી રહ્યા છો, ક્યાં સુધી બેસશો. આ રાજીનામું નહીં આપે. પણ અમે કરી બતાવ્યું.તેમની પાસે ફોન આવ્યો કે પ્રધાનનું રાજીનામું થઈ ગયું છે, તો દીપકે ખુશી વ્યક્ત કરી. ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી કોકરોચ જનતા પાર્ટીની પ્રતિક્રિયા આવી છે. પાર્ટી તરફથી પોસ્ટ કરીને કહેવામાં આવ્યું કે કોકરોચની જીત થઈ.



### 27 દિવસની ભૂખ હડતાલ કરનાર વાંગચૂકે કહ્યું...

# આ લોકશાહીની જીત છે...



**વાંગચુકે કહ્યું...આ લોકશાહીનો વિજય છે.સીધી લોકશાહી... સીધી શેરીઓમાંથી. આ શાંતિ, ધીરજ અને દ્રઢતાનો વિજય છે.વધુમાં કહ્યું CJP, રાષ્ટ્રના Gen-Z ને અભિનંદન અને ભય અને ભયના ભયને દૂર કરવા અને દેશના દરેક ખૂણામાંથી ઉભા થવા બદલ બધા નાગરિકોનો આભાર. જવાબદારીથી, હવે સુધારા તરફ છે.**

### કોંગ્રેસ પ્રમુખ ખડગે એ કહ્યું...

## સત્યની જીત PMની હાર



સત્યની જીત છે. PM મોદીની જીદની હાર છે. વિદ્યાર્થીઓના હિતમાં સંસદથી લઈને રસ્તાઓ સુધી અવાજ ઉઠાવનારા એકજુટ વિપક્ષની જીત છે. PM મોદીએ યુવાનોની માફી માંગવી જોઈએ.

### પ્રિયંકા ગાંધીએ કહ્યું...

## હવે દરેક સરકારે જનતાનું સાંભળવું પડશે



આખા દેશમાં વિદ્યાર્થીઓએ પ્રદર્શન કર્યું. આ તેમની જીત છે. કોંગ્રેસ પાર્ટીએ પણ પોતાની પૂરી ક્ષમતાથી વિદ્યાર્થીઓને સમર્થન આપ્યું. રાહુલ ગાંધી પણ છેલ્લા ૨-૩ વર્ષથી સતત વિદ્યાર્થીઓના મુદ્દે અડગ છે.

### કેજરીવાલે કહ્યું...

## યુવાનોની લડાઈ સામે સરકારે ઝૂકવું પડ્યું



સરકારની આ જવાબદારી છે કે તે પ્રદર્શન કરી રહેલા યુવાનોની માગ સાંભળે. હું તેમને અભિનંદન આપું છું. સરકારો હવે એ સુનિશ્ચિત કરે કે ભવિષ્યમાં ક્યારેય પેપર લીક ન થાય.

### લાઠીચાર્જ, દબાણ, ધમકીઓ બાદ પણ યુવાનોનો સંકલ્પ વધુ મજબૂત બનતો ગયો

# હવે દેશ યુવાનોના હાથમાં !

**સરકાર માટે આ એક ચેતવણી છે; આજનો યુવાન ચૂપ રહેવાનો નથી, અને અન્યાય સામે ઝૂકવાનો તો બિલકૂલ નથી, જો સિસ્ટમ ખોટી હશે તો તેને સુધારવા માટે યુવાનો રસ્તા પર ઉતરશે અને જીતશે પણ**



**યુવાનોને સલામ; જેમણે લડીને સિસ્ટમને ઝૂકાવી દીધી**

## યુવાન હવે પરિવર્તન લાવનાર શક્તિ બની ગયો છે...

**આ જીત માત્ર એક મંત્રીના રાજીનામાની નહીં પરંતુ યુવાનોના આત્મવિશ્વાસની જીત થઈ છે**

દિલ્હીના જંતર-મંતર પર છેલ્લા ૩૫ દિવસથી યુવાનો દ્વારા ચાલી રહેલું પેપર લીક વિરોધ આંદોલન આખરે એક નિર્ણાયક વળાંક પર પહોંચ્યું છે. લાંબા સમયથી પોતાની માંગોને લઈને અડગ રહેલા યુવાનોના આક્રોશ સામે અંતે સરકારને ઝૂકવું પડ્યું અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવાયું. આ ઘટના યુવાનોના સંઘર્ષ અને એકતાનું પ્રતીક બની છે.આંદોલન દરમિયાન અનેક પડકારો આવ્યા. પોલીસ દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો, દબાણ બનાવવાનો પ્રયાસ થયો, છતાંય યુવાનો પોતાની માંગ પર અડગ રહ્યા. આ દર્શાવે છે કે આજનો યુવાન માત્ર પોતાની કારકિર્દી માટે જ નહીં, પરંતુ સિસ્ટમમાં પારદર્શિતા અને ન્યાય માટે પણ લડી રહ્યો છે.

પેપર લીક જેવી ઘટનાઓ માત્ર એક પરીક્ષાનો મુદ્દો નથી તે દેશના ભવિષ્ય સાથે જોડાયેલો પ્રશ્ન છે. લાખો વિદ્યાર્થીઓની મહેનત અને સપનાઓ પર પાણી ફેરવતા આવા કૌભાંડો સામે યુવાનોનો ઉગ્ર વિરોધ સ્વાભાવિક છે. આંદોલન દ્વારા યુવાનોએ સાબિત કર્યું છે કે જો અવાજ એકતા સાથે ઉઠે, તો સરકારને પણ નિર્ણય બદલવો પડે છે.

આ જીત માત્ર એક મંત્રીના રાજીનામાની નથી, પરંતુ યુવાનોના આત્મવિશ્વાસની જીત છે. આજે સ્પષ્ટ રીતે



જન કી બાત | અનિરુદ્ધ નકુમ

કહી શકાય કે દેશનો યુવાન હવે નિષ્ક્રિય દર્શક નથી, પરંતુ પરિવર્તન લાવનાર શક્તિ બની ગયો છે.

અંતે, "હવે દેશ યુવાનોના હાથમાં છે" એવું કહેવું ખોટું નથી. આ શક્તિને સાચી દિશામાં વાપરવી એ સમયની માંગ છે. યુવાનોને સલામ, જેમણે પોતાના હક્ક માટે લડીને ઈતિહાસ રચ્યો.

પેપર લીક જેવી ઘટનાઓએ માત્ર એક પરીક્ષાનો પ્રશ્ન ઉભો કર્યો નથી, પરંતુ સમગ્ર સિસ્ટમ પર પ્રશ્નચિહ્ન મૂકી દીધું છે. જ્યારે મહેનત કરતા લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખેલ કરવામાં આવે છે, ત્યારે તેમની અંદરનો આક્રોશ સ્વાભાવિક છે. આ આક્રોશ હવે રસ્તા પર, સોશિયલ મીડિયા પર અને જાહેર ચર્ચામાં ખુલ્લેઆમ દેખાઈ રહ્યો છે.

આ વખતે ખાસ વાત એ રહી કે યુવાનોનો અવાજ એટલો મજબૂત રહ્યો કે સરકારને પણ નિર્ણય લેવાનો દબાણ અનુભવાયો.

જવાબદારી નક્કી કરવાની માંગ અને પારદર્શિતા માટેનો દબાણ એ દર્શાવે છે કે નવી પેઢી હવે માત્ર દર્શક નથી, પરંતુ સક્રિય ભાગીદાર બની ગઈ છે.

યુવાનોનો આ ઉછાળો લોકશાહી માટે સકારાત્મક સંકેત છે, પરંતુ સાથે જ જવાબદારી પણ વધારી દે છે.

આક્રોશને દિશા આપવી, ચર્ચાને રચનાત્મક બનાવવી અને લાંબા ગાળાના સુધારા માટે કામ કરવું  આ બધું હવે યુવાનોના હાથમાં છે.

અંતે કહી શકાય કે "હવે થયો યુવાનોનો દેશ" માત્ર એક નારો નથી, પરંતુ બદલાતી વાસ્તવિકતા છે. જો આ શક્તિને યોગ્ય દિશામાં વાપરવામાં આવશે, તો ભારતનું ભવિષ્ય વધુ મજબૂત અને પારદર્શક બની શકે છે.

**લાખો વિદ્યાર્થીઓની મહેનત અને સપનાઓ પર પાણી ફેરવતા પેપર લીક સામે યુવાનોનો ઉગ્ર વિરોધ સ્વાભાવિક છેઃ આંદોલન દ્વારા યુવાનોએ સાબિત કર્યું છે કે જો અવાજ એકતા સાથે ઉઠે તો સરકારને પણ નિર્ણય બદલવો પડે છે**

### પેપર લીક પ્રશ્ને વિદ્યાર્થીઓને કડક કાયદાની ખાતરી આપવા વીડિયો બનાવ્યો હતો

# મોદીએ ફર્સ્ટ ટાઈમ જાતે બનાવેલ વીડિયોનો વર્લ્ડ રેકોર્ડઃ 40 કરોડ વ્યૂઝ

### બીજા દિવસે PMએ બીજો વીડિયો બનાવી આટલો પ્રેમ આપવા યુવાનોનો આભાર માન્યો હતો




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

આજે (શનિવારે) CJP વિરોધીઓ અને સરકાર વચ્ચે ફરી એક બેઠક યોજાવાની છે. આ બેઠક શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગણીને લઈને પ્રદર્શનકારીઓ દ્વારા કરવામાં આવી રહી છે. જોકે, તે પહેલા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફરી એકવાર વિડિઓ સંદેશ દ્વારા GenZ સાથે સીધો સંપર્ક કર્યો છે. આ PM મોદીનો ૨૪ કલાકમાં બીજો વિડિઓ સંદેશ છે, જેમાં તેમણે ગુરુવારે શેર કરાયેલા તેમના વિડિઓ પરના પ્રતિભાવ માટે જનતાનો અને ખાસ કરીને GenZનો આભાર માન્યો છે.PM મોદીના પહેલા વિડિઓએ વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. જાણો કે ગુરુવારે PM મોદી દ્વારા જાહેર કરાયેલા વિડિઓ સંદેશે સોશિયલ મીડિયા પર વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. PMનો આ વિડિઓ ૨૪ કલાકમાં ૩૦૦ મિલિયનથી વધુ વખત જોવામાં આવ્યો હતો. આ એક નવો વિશ્વ રેકોર્ડ છે. PMના વિડિઓને ૨૪ કલાકમાં Instagram પર ૩૦૩ મિલિયન વ્યૂઝ મળ્યા હતા. અગાઉનો વિશ્વ રેકોર્ડ ૩૦૦ મિલિયન હતો, જે સ્ટ્રીમર IShowSpeed દ્વારા બનાવવામાં આવ્યો હતો. આ લખાય ત્યાં સુધી, PM મોદીનો ગુરુવારનો વિડિઓ ૩૨૨ મિલિયન વખત જોવામાં આવ્યો છે.નોંધનીય છે કે ૨૪ કલાકથી ઓછા સમયમાં, પીએમ મોદીએ બીજી વખત દેશના GenZ સાથે વાતચીત કરી, અને આ વખતે, તેમણે આજના યુવાનો સૌથી વધુ સક્રિય અને સ્ક્રોલ કરતા માધ્યમ પસંદ કર્યું. શુક્રવારે રાત્રે લગભગ ૧૧ વાગ્યે, પીએમ મોદીએ ઈન્સ્ટાગ્રામ પર GenZ શૈલીમાં આ બીજો વિડિઓ શેર કર્યો, જેમાં ગુરુવારે શેર કરેલા વિડિઓ પર મળેલા પ્રતિભાવ અને સકારાત્મક સૂચનો માટે GenZ નો આભાર માન્યો.

નવા વિડિઓમાં, પીએમ મોદીએ કહ્યું, “આભાર મિત્રો, મને ગઈકાલે મોડી રાત્રે તમને મળવાની તક મળી. તમે મારા વિડિઓ પર જે રીતે પ્રતિભાવ આપ્યો અને તમે આપેલા સકારાત્મક સૂચનો માટે બધાનો આભાર. આ પ્રેમ ચાલુ રહેશે. અમારો સંબંધ વધુ સક્રિય રીતે વધતો રહેશે.” આભાર, આભાર મિત્રોઃ પીએમ મોદી પીએમ મોદીનો GenZ નો આભાર માનતો આ ૪૦-સેકન્ડનો વિડિઓ પહેલા કરતા થોડો અલગ છે. જ્યારે પહેલા વિડિઓમાં, પીએમ મોદી ગંભીર દેખાતા હતા, ત્યારે બીજા વિડિઓમાં તેઓ હળવા દેખાતા હતા. પહેલા વીડિયોમાં તેમનો ચહેરો વધુ નજીક હતો, પરંતુ આ વખતે તેમણે મોબાઈલ કેમેરા થોડો દૂર રાખ્યો હતો. વધુમાં, સંદેશ પૂરો કર્યા પછી, પીએમ મોદીએ પોતે કેમેરા બંધ કરી દીધો.

## સૌરાષ્ટ્ર-કચ્છ બાર એસોસિએશનના હોદ્દેદારો આવી લડતમાં જોડાવવા ટેકો જાહેર કર્યો

# રાજકોટને હાઈકોર્ટની બેન્ચની માંગ સાથે બુધવારે વકીલોની હડતાલ





## લડત એવી લડો કે હાઈકોર્ટ બેન્ચ મળે, આજની બેન્ક બાદ થોડા દિ શાંતિ

- લડત હંમેશા લાંબી અને લગાતાર હોવી જોઈએ
- વકિલોએ અનેકવાર રજૂઆતો કરી પરિણામ શૂન્ય

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્રમાં રાજકોટને ફરી હાઈકોર્ટની બેન્ચ આપવા માંગ ઉઠી છે. છેલ્લા એક વર્ષથી રાજકોટ બાર એસોસિએશન દ્વારા આ માંગ મુકવામાં આવી છે અને રજુઆત પણ કરવામાં આવી રહી છે જે અંતર્ગત આજ રોજ રાજકોટ શહેરના મધ્યમાં રેસકોર્સ નજીક ખાનગી હોટલમાં રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છમાંથી અન્ય શહેર જિલ્લાના બાર એસોસિએશન સાથે જોડાયેલા હોદેદારો ઉપસ્થિત રહી આ લડતને મજબૂત રીતે આગળ કેવી રીતે વધારવી તે માટે ચર્ચા વિચારણા કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા ગુજરાતના કાયદામંત્રીને રૂબરૂ મળી રજુઆત કરવામાં આવી હતી અને ફરી આવતા સમયમાં રજૂઆતો સાથે માંગને વધુ મજબૂત બનાવવામાં આવશે.

રાજકોટ બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ પરેશ મારુંએ જણાવ્યું હતું કે, રાજકોટને હાઈકોર્ટ બેચ મળે એ માટે છેલ્લા એક વર્ષથી લડત ચલાવી રહ્યા છીએ. અગાઉ પણ બેઠક કરવામાં આવી હતી એ રીતે આજે પણ સૌરાષ્ટ્રના અલગ અલગ બાર એસોસિએશન સાથે બેઠકનું આયોજન કરી આગળની રણનીતિ ઘડવામાં આવશે. રાજકોટમાં હાઈકોર્ટની બેચથી સૌરાષ્ટ્રના લોકોને સીધો ફાયદો થશે તેવું તમામ બાર એસોસિએશનનું માનવું છે માટે આ લડત મજબૂત રીતે



આગળ વધારવા પ્રયત્ન કરી રહ્યા છીએ. થોડા દિવસ અમે કાયદામંત્રીને રજુઆત કરી હતી એમને હકારાત્મક અભિગમ રાખેલ છે. અને આ જ રીતે સૌરાષ્ટ્રના તમામ ધારાસભ્ય અને સાંસદ સભ્યોને પત્ર લખી લેખિત રજુઆત કરવામાં આવી છે અને આગળ પણ આ જ રીતે રજૂઆતને મજબૂત બનાવી લડત આગળ વધારવામાં આવશે. એકાદ વર્ષ પૂર્વે મહારાષ્ટ્રમાં હાઈકોર્ટની બેન્ચ કોલાપુરને ફાળવવામાં આવ્યા બાદ રાજકોટ બાર એસોસિએશન દ્વારા પણ છેલ્લા એક વર્ષથી સૌરાષ્ટ્રની હાઈકોર્ટ બેન્ચ ફરી શરૂ કરવા માંગ કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો જે અંતર્ગત એક કમિટી બનાવી અને કાયદાકીય રીતે આ લડત ચલાવવા નિર્ણય કરવામાં આવ્યો હતો જેના ભાગરૂપે આજરોજ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છના વિવિધ બાર એસોસીએશનને જોડાવવા આહવાન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટના રેસકોર્સ નજીક ખાનગી હોટલમાં સવારે ૧૧ વાગ્યે આ બેઠક મળી હતી જેમાં રાજકોટ બાર ઉપરાંત આસપાસના તાલુકા અને સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લામાંથી બાર એસોસિએશન સાથે જોડાયેલા ૮૦ જેટલા વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

આજે મળેલી બેઠકમાં સૌ લોકોએ રાજકોટને સૌરાષ્ટ્રની હાઈકોર્ટ બેન્ચ શુકામ આપવી જોઈએ તે અંગે ચર્ચા વિચારણા કરી તેમજ ક્યાં ક્યાં મુદ્દાને આવરી લઈ કોને કોને સાથે રાખી કઈ કઈ જગ્યાએ ક્યારે રજુઆત કરવી અને શું રજુઆત કરવી તેમજ કેવી રીતે રજુઆત કરવી સહિતમાં મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. અગાઉ ૧૯૮૩ સમયમાં હડતાલ પણ કરવી પડી હતી એ રીતે આ વખતે જરૂર પડ્યે ઉગ્ર રજુઆત કરવી કે કેમ અથવા કાયદાકીય રીતે માંગ કેવી રીતે કરવી તે અંગે ખાસ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને અન્ય શહેર જિલ્લામાંથી આવેલા બારના હોદેદારોએ ટેકો જાહેર કરી જરૂર પડ્યે રાજકોટ બારની સાથે ઉભા રહી સૌરાષ્ટ્રને હાઈકોર્ટની બેન્ચ આપવાની માંગ અને લડતમાં જોડાવવા સહમતી દાખવી હતી.

ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા રાજકોટ બાર એસોસિએશનના હોદેદારો ગુજરાતના કાયદા મંત્રીને મળી હાઈકોર્ટ બેચ રાજકોટને ફાળવવા માટે રજુઆત કરવામાં આવી હતી જેમાં તેમને હકારાત્મક વલણ અપનાવી સરકારમાં આ અંગે વકીલોની રજુઆતને ધ્યાને લેવા સહમતી દાખવવામાં આવી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. અને એક વર્ષ પૂર્વે કરાયેલ લેખિત રજુઆત ફરી રાજ્ય અને કેન્દ્ર લેવલે તમામ અધિકારીઓ અને પદાધિકારીઓ સમક્ષ કરવામાં આવશે. ગુજરાતના ચીફ જસ્ટિસને પણ ફરી રજુઆત કરવામાં આવશે અને સૌરાષ્ટ્રના લોકોં સસ્તો અને સરળતાથી સમયસર ન્યાય મળે એ માટે પ્રયાસ કરી હાઈકોર્ટ બેચ માટે માંગ કરવામાં આવશે.

## સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનમાં લાઈફ મેમ્બર બકુલ રાઠોડના સનસનીખેજ આરોપ


# નિરંજન શાહે ધમકી આપી સહી કરાવી!



**બકુલ રાઠોડે કહ્યુંઃ નિરંજન શાહ મારી ઘરે રૂબરૂ આવી મને શામ, દામ, દંડ અને ભેદની નિતીથી ધમકાવી શા માટે SGM બોલાવવા માટે નોટિસમાં સહી કરેલ તેમ કહી ધમકાવેલ**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન (SCA) સંબંધિત એક ગંભીર વિવાદ સામે આવ્યો છે. શહેરના હરિહર સોસાયટીમાં રહેતા ૮૫ વર્ષીય લાઈફ મેમ્બર બકુલ જીવરાજભાઈ રાઠોડે જાહેર નોટિસ કમ ચેતવણી જાહેર કરી છે, જેમાં તેમણે એસોસિએશનના એક હોદેદાર સામે ગંભીર આક્ષેપો કર્યા છે.માહિતી અનુસાર, બકુલભાઈ રાઠોડ (એલએમ-૦૯૨) સહિત કુલ ૧૦ લાઈફ મેમ્બરો દ્વારા તા. ૦૯-૦૭-૨૦૨૬ના રોજ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરીને સ્પેશિયલ જનરલ બોર્ડ મીટિંગ બોલાવવા માટે નોટિસ આપવામાં આવી હતી. આ નોટિસમાં ચાર મુદ્દાઓ પર ચર્ચાની માંગ કરવામાં આવી હતી.આ નોટિસના અનુસંધાને તા. ૨૩-૦૭-૨૦૨૬ના રોજ એસોસિએશન તરફથી ૧૪-૦૮-૨૦૨૬ના રોજ વર્ચ્યુઅલ મીટિંગ બોલાવવાની માહિતી ઈમેઈલ દ્વારા આપવામાં આવી હતી.તેમ છતાં, બકુલભાઈએ આક્ષેપ કર્યો છે કે તા. ૨૫-૦૭-૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૦ વાગ્યે એસોસિએશનના નિરંજનભાઈ શાહ તેમના નિવાસ સ્થાને આવ્યા હતા અને તેમણે “શામ, દામ, દંડ અને ભેદ”ની નીતિ અપનાવી ધમકી આપતા એક અજાણ્યા દસ્તાવેજ પર તેમની સહી લેવડાવી હતી. બકુલભાઈએ જણાવ્યું કે તેમની તબિયત નાદુરસ્ત હોવા છતાં તેમની પાસેથી સહી લેવામાં આવી અને દસ્તાવેજ બતાવવા માગતા છતાં તેમને બતાવવામાં આવ્યો નથી.બકુલભાઈએ વધુમાં જણાવ્યું કે તેમણે ફોન દ્વારા તે દસ્તાવેજ પરત માંગ્યો હતો, પરંતુ તે હજુ સુધી આપવામાં આવ્યો નથી. આ પરિસ્થિતિમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓએ તે સહી રાજીખુશીથી કરી નથી અને તે સહી તેમજ દસ્તાવેજમાં લખાયેલી કોઈપણ હકીકત તેમને માન્ય નથી. તેમણે આ સહીને રદ જાહેર કરી છે.આ સમગ્ર મામલે બકુલભાઈએ સોગંદપૂર્વક જાહેર નિવેદન આપી સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના હોદેદારો તેમજ સંબંધિત લોકોને ચેતવણી આપી છે કે આ મુદ્દાને ગંભીરતાથી લેવામાં આવે. આ ઘટના બાદ એસોસિએશનના વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે અને મામલો વધુ ઉગ્ર બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.



## નિરંજન શાહ વિરૂધ્ધ જાહેર નોટિસ આપીને કહ્યું મારી સહી મને માન્ય નથી કાગળ ઉપર લખેલ હકિકત મને માન્ય નથી

**સુરતની જેમ હવે અમદાવાદ માટે પણ સ્પેશિયલ રાહત પેકેજની જાહેરાત થશે?**

# વરસાદે 'ગુજરાત' બદલ્યું 3000 કરોડોનું નુકસાન!



- રસ્તા, મકાન, વાહનો, દુકાનોને મોટું નુકસાન
- કૃષિમાં સૌથી વધારે નુકસાન
- ઉદ્યોગ પર અસર કેટલીક ફેક્ટરીઓ બંધ રાખવી પડી
- રસ્તાઓ તૂટ્યા વીજળી અને ટ્રાન્સપોર્ટ પર અસર

સિટી ન્યૂઝ@ગાંધીનગર

ગુજરાતમાં અતિભારે વરસાદ અને પૂર બાદ હવે ધીમે-ધીમે પાણી ઓસરતાં રાજ્યભરમાં વિનાશના ચોંકાવનારા દ્રશ્યો સામે આવી રહ્યા છે. અમદાવાદ, સુરત, નવસારી, વલસાડ, વાપી સહિત દક્ષિણ અને મધ્ય ગુજરાતના અનેક વિસ્તારોમાં ઘરો, દુકાનો, રસ્તાઓ અને ખેતીને વ્યાપક નુકસાન થયું છે. પ્રાથમિક અંદાજ મુજબ રાજ્યમાં વરસાદ અને પૂરના કારણે અંદાજે રૂ. ૩,૦૦૦ કરોડથી વધુનું નુકસાન થયું હોવાનું સામે આવી રહ્યું છે. અનેક વિસ્તારોમાં હજુ પણ રાહત અને પુનસ્થાપનની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

નવસારી જિલ્લામાં પૂરના પાણી ઓસરતાં સૌથી વધુ તારાજીના દ્રશ્યો સામે આવ્યા છે. સોનવાડી સહિત અનેક ગામોમાં ઘરોમાં ગળાડૂબ પાણી ભરાતા ઘરવખરી સંપૂર્ણપણે નષ્ટ થઈ ગઈ છે, જ્યારે અનેક કાચા અને પાકા મકાનો ધરાશાયી થતાં પરિવારો ઘરવિહોણા બન્યા છે. જિલ્લામાં પૂર સંબંધિત વિવિધ ઘટનાઓમાં મૃત્યુઆંક ૧૭ પર પહોંચી ગયો છે. ગણદેવી વિસ્તારમાંથી ૮ અને બિલીમોરામાંથી ૯ મૃતદેહ મળી આવ્યા છે, જેમાં કરંટ લાગવાથી અને સાપ કરડવાથી થયેલા મોતનો પણ સમાવેશ થાય છે. હાલ ૫૦૦થી વધુ પરિવારો ટેન્ટમાં રહેવા મજબૂર બન્યા છે.

સુરત, વલસાડ અને વાપી વિસ્તારમાં પણ ભારે વરસાદ અને પૂરના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. અનેક રહેણાંક વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરી, વાહનો અને વેપાર-ધંધાને ભારે ફટકો પડ્યો છે. અનેક રસ્તાઓ ધોવાઈ જતાં અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં પરિવહન વ્યવસ્થા પણ પ્રભાવિત બની હતી. પૂર બાદ સફાઈ, આરોગ્ય અને મૂળભૂત સેવાઓને પુનસ્થાપિત કરવાની કામગીરી સતત ચાલી રહી છે.

## હજારો વેપારીઓનો માલ પાણીમાં પલળી ગયો




## અમદાવાદમાં ભારે વરસાદથી 4000 કાર અને 12000થી વધુ ટુ વ્હીલરો પાણીમાં ગરકાવ

અમદાવાદ શહેરમાં પડેલા સરેરાશ ૧૧ ઈંચ જેટલા ભારે વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. શહેરમાં સર્જાયેલી જળબંબાકારની સ્થિતિને કારણે પશ્ચિમ વિસ્તારો, સોસાયટીઓ અને કોમર્શિયલ બિલ્ડિંગોના બેઝમેન્ટમાં પાણી ભરાઈ જતાં નાના-મોટાં મળીને અંદાજે ૧૯૦૦૦ જેટલાં વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે. વરસાદી પાણીમાં અંદાજે ૪૦૦૦થી વધુ કાર અને ૧૨૦૦૦થી વધુ ટુ-વ્હીલરો ગરકાવ થઈ ગયાં હતાં. વાહનો બંધ પડી જતાં અને તેને મોટું નુકસાન પહોંચતાં વર્કશોપ, સર્વિસ સ્ટેશનો અને વીમા કંપનીઓ પાસે દાવા (ક્લેમ) તથા પૂછપરછ માટે ગ્રાહકોનો અચાનક ૧૦ ગણો ઘસારો વધી ગયો છે. વીમા કંપનીઓ પોતાના મનઘડત અને કડક નિયમો ઘડીને ગ્રાહકોને હેરાન કરી રહી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. કાર જો ક્રેન દ્વારા સીધી વર્કશોપ પહોંચાડવામાં આવે તો જ ૧૦૦% વીમો પાસ થાય છે. જો વાહનમાલિક પોતે જાતે કાર સ્ટાર્ટ કરીને લઈ જાય તો પૂરેપૂરું વળતર મળતું નથી. ટુ-વ્હીલરમાં વીમા કંપનીઓ વીમો પાસ જ કરતી ન હોવાથી તમામ આર્થિક બોજ માલિકે જાતે જ વેઠવો પડે છે.

## પૂરગ્રસ્તો માટે કેન્દ્ર સરકારની આર્થિક સહાયની જાહેરાત

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પૂરની પરિસ્થિતિ બાદ ઓગરેલા અને નુકસાન પામેલા વિસ્તારોના પુનર્વસન માટે સરકારે મોટો નિર્ણય લીધો છે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલે નવસારી અને વલસાડ જિલ્લાના પૂરગ્રસ્તો માટે વિશેષ રાહત પેકેજની જાહેરાત કરી છે. ઘરવખરી અને પશુધનના નુકસાન સામે આર્થિક છત્ર પૂરમાં જે લોકોની ઘરવખરી તણાઈ ગઈ છે કે નુકસાન પામી છે, તેમને મદદરૂપ થવા માટે સરકારે ૬,૮૦૦ની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે. આ સહાયથી પૂર પીડિત પરિવારો પ્રાથમિક જરૂરિયાતો ફરીથી ઉભી કરી શકશે. આ ઉપરાંત, દક્ષિણ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં પશુપાલકોને થયેલા મોટા નુકસાનને ધ્યાનમાં રાખીને પશુધન માટે પણ વિશેષ વળતર નક્કી કરવામાં આવ્યું છે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, "પૂરના કારણે નવસારી અને વલસાડના લોકોએ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. સરકાર આ મુશ્કેલ સમયમાં તેમની સાથે ખડેપગે ઉભી છે. આ વિશેષ રાહત પેકેજ દ્વારા અસરગ્રસ્તોને ઝડપથી પગભર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે." તેમણે ઉમેર્યું કે, રાહત કામગીરી અને સહાય વિતરણની પ્રક્રિયા ઝડપી અને પારદર્શી રીતે થાય તે માટે સ્થાનિક પ્રશાસનને જરૂરી સૂચનાઓ આપી દેવામાં આવી છે.



### ગુજરાત ઉપર ભારે વરસાદના કારણે અફડાતફડીનો માહોલ

# ગુજરાતના 6400 રસ્તા બંધ, 22 ટ્રેન રદ્દ



## શાકભાજીની આવકમાં ઘટાડો; ભાવ વધશે



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ગુરુવારે રેકોર્ડબ્રેક વરસાદે જનજીવન ઠપ કરી દીધું હતું.જ્યારે અમદાવાદમાં પણ એક જ દિવસમાં ૧૧ ઈંચથી વધુ વરસાદ તૂટી પડતા સમગ્ર શહેરમાં ઠેરઠેર પાણી ભરાયા હતા અને જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. જેને પગલે ૭ નેશનલ અને 30 સ્ટેટ હાઈવે સહિત ૧૨૦૪ માર્ગ બંધ થઈ ગયા છે અને ૨૨ ટ્રેનો રદ કરવાની ફરજ પડી છે.પૂરની આ પરિસ્થિતિને પગલે રાજ્યના ૧૯ જિલ્લામાં ૨૪ જુલાઈએ સ્કૂલ-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી. અમદાવાદમાં ૨૫ જુલાઈએ તમામ સ્કૂલ- કોલેજો અને આંગણવાડીઓ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. ખાનગી કંપનીઓએ કર્મચારીઓને વર્ક ફ્રોમ આપી દીધું છે.દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે પશ્ચિમ રેલવેનો ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. ઘોલવડ, ઉમરગામ અને બીલીમોરા રેલવે સ્ટેશન નજીક રેલવે ટ્રેક પર પાણી ફરી વળતા સુરત-મુંબઈ રુટ પર ટ્રેનોના પૈડાં થંભી ગયા છે. સુરત અને વાપી તરફ જવા માટે હજી સુધી ટ્રેન ની કોઈ રાબેતા મુજબની વ્યવસ્થા કરવામાં આવી નથી, બસની વ્યવસ્થા પણ હજુ સુધી પૂર્વવત શરૂ થઈ શકી નથી, આવતી કાલે જો પાણી ઓસરે તો ટ્રેન અને બસ વ્યવહાર સુરત અને વાપી તરફ રાબેતા મુજબ શરૂ થશે.શાકભાજીની સપ્લાય અંગે અમદાવાદની જમાલપુર એપીએમસીના સેક્રેટરી સંજયભાઈએ જણાવ્યું હતું કે શાકભાજીની આવકમાં ઘટાડો થયો છે. ભારે વરસાદના કારણે ટ્રાફિકમાં વાહનો ફસાયા હોવાથી ખેડૂતો શાકભાજી મોકલતા નથી. જોકે શાકભાજી ઘટવાના કારણે ભાવમાં કોઈ વધારો થાય તેવી હાલ શક્યતા નથી. અમદાવાદ જિલ્લાના બાવળા, બગોદરા, ધોળકા, ધંધુકા,સૌરાષ્ટ્ર, મધ્યપ્રદેશ હિમાચલ પ્રદેશ સહિતના જિલ્લા શહેરો અને રાજ્યોમાંથી અમદાવાદમાં શાકભાજી આવે છે.

### 10 હજાર મુસાફરોને ભારે હાલાકી

# ST બસની 230 ટ્રિપ રદ્દ

### રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર હાઈ-વે પર વરસાદી પાણી ભરાતા રદ્દ કરવી પડી

અમદાવાદ અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે હાઈવે સહિતના રસ્તાઓ ધોવાઈ ગયા છે જેને પગલે વાહન વ્યવહારને ગંભીર અસર પહોંચી છે. રાજકોટ એસટી ડિવિઝન હેઠળના રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાની આજે ૨૫ જુલાઈની ૨૨૭ ટ્રીપ રદ કરવામાં આવેલી છે. જેમાં અમદાવાદ, સંતરામપુર, માંડલ અને થરા સહિતના રૂટનો સમાવેશ થાય છે. એક ટ્રિપમાં મિનિમમ ૪૫ મુસાફરો ગણીએ તો પણ ૧૦ હજારથી વધુ મુસાફરોએ હાલાકી ભોગવી છે. આ સાથે જ ત્રણેય જિલ્લાની દૈનિક આવકમાં આજે રૂ.૬,૩૮,૫૯૬ નું ગાબડું પડ્યું છે. રાજકોટ એસટીના વિભાગીય નિયામક મનીષ રાજે જણાવ્યું હતું કે, અમદાવાદ તરફ જવા માટે બાવળાનો રસ્તો બંધ છે. જેને કારણે અમદાવાદ જતી ઘણી બસ રદ કરવી પડી છે. જોકે



બગોદરા થઈને બસ જાય છે પરંતુ એ રસ્તો ખૂબ જ લાંબો પડી જાય છે. જેને કારણે બસો કેન્સલ કરવી પડી છે. આ ઉપરાંત સંતરામપુર અને માંડલ તેમજ વાયા રાધનપુર થરા જતી બસો પણ રદ કરવી પડી છે. જેને લીધે અને મુસાફરોએ મુશ્કેલી ભોગવી છે. જોકે વરસાદની રહેતાની સાથે બંધ રૂટ ફરી શરૂ થઈ જશે. રાજકોટ એસટી વિભાગની ૨૨૭ ટ્રિપ રદ થતા આવકમાં પણ મોટું ગાબડું પડ્યું છે. જેમાં રાજકોટ જિલ્લામાં રૂ.૮૦,૫૦૦ ની આવક ગુમાવવી પડી છે. જ્યારે સુરેન્દ્રનગરમાં રૂ.૨.૫૪ લાખ તો મોરબી જિલ્લામાં દૈનિક આવકમાં રૂ.૩.03 લાખનો ઘટાડો થયો છે.

## નીચાણવાળા વિસ્તારોમાં લોકોને એલર્ટ રહેવા સૂચના

# ડેમો બન્યા 'પાણીદાર' !



» મચ્છુ-૨ લ મચ્છુ-૩ ડેમ ઓવરફ્લો, ભાદર-૧ ડેમમાં ચાર ફૂટ નવા નીરની આવક

» આજી-૨, ભાદર-૨ અને સુરવો ડેમ છલોછલ થતા 30 ગામોમાં એલર્ટ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આબોહવા પરિવર્તનની ચરમસીમા સૌરાષ્ટ્રમાં સ્પષ્ટ જોવા મળી રહી છે. જે ડેમો થોડા સપ્તાહો પહેલા ૫૦% થી વધુ ખાલી હતા અને નર્મદાના નીરની રાહ જોતા હતા, તે જ ડેમો ઉપરવાસના અનરાધાર વરસાદને પગલે રાતોરાત છલોછલ ભરાઈને 'પાણીદાર' બની ગયા છે. સૌરાષ્ટ્રનો પથરાળ વિસ્તાર હોવાથી પાણી સપાટી પરથી સીધું ડેમોમાં ધસી આવતા સિંચાઈ વિભાગ માટે રૂલ લેવલ જાળવી રાખવું અત્યંત મુશ્કેલ બની ગયું છે.

મોરબીનો જીવાદોરી સમાન મચ્છુ-૨ અને મચ્છુ-૩ ડેમ હાઇડ્રોલોજિકલ આશ્ચર્યનું કેન્દ્ર બન્યો છે. બંને ડેમ ૧૦૦% ભરાઈ ગયો હતા ! પરિસ્થિતિ વણસતા શનિવારે વહેલી સવારે ૪૯,૦૦૦ ક્યુસેક પ્રચંડ જળજથ્થો મચ્છુ નદીમાં છોડવામાં આવ્યો હતો. બીજી તરફ, ધોરાજીના ભાદર-૨ ડેમમાં ચાર ફૂટ નવા નીરની ધસમસતી આવક થતાં તેના ૫ દરવાજા ખોલીને ૪૦,૬૦૪ ક્યુસેક પાણી નદીમાં વહાવવામાં આવી રહ્યું છે.

રાજકોટના આજી-૨ ડેમમાં ૧,૬૮૦ ક્યુસેકની આવક-જાવક જાળવવામાં આવી છે, જ્યારે સુરવો (૯૦%) અને લાલપરી (૯૦%) ડેમો ઓવરફ્લો થવાની તૈયારીમાં છે. ભાવનગરની જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ બીજી વખત છલકાતા તેના તમામ ૫૯ દરવાજા ખોલીને ૨૧,૮૬૮ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. અમરેલીનો ઠેબી ડેમ પણ માત્ર ૨૪ કલાકમાં ૫૦% થી ૧૦૦% ભરાઈ જતાં દરવાજા ખોલવા પડ્યા છે.

આકાશી આફત અને અતિભારે વરસાદને પગલે નદી-ડેમો છલકાઈ જતાં હેઠવાસના નીચાણવાળા વિસ્તારોમાં જીવલેણ પૂરનું જોખમ સર્જાયું છે. અચાનક આવેલી પાણીની જંગી આવકને કારણે ડેમોમાંથી હજારો ક્યુસેક પાણી છોડવાની ફરજ પડી રહી છે, જેના સીધા પરિણામ સ્વરૂપે સૌરાષ્ટ્રના 30 થી વધુ ગામોને વહીવટી તંત્ર દ્વારા 'હાઈ-એલર્ટ' પર મૂકી દેવામાં આવ્યા છે. મોરબીના મચ્છુ ડેમમાંથી પાણી છોડાતાં મોરબી અને માળિયા તાલુકાના ૨૯ જેટલા ગામોમાં ભયનો માહોલ છે. ગ્રામ પંચાયતો લોકોને નદીના પટમાં ન જવા અને પશુધનને સલામત સ્થળે ખસેડવા તાકીદ કરવામાં આવી છે. આ જ રીતે, ભાદર-૨ ડેમમાંથી ૪૦,૬૦૪ ક્યુસેક પાણી છોડાતાં ધોરાજી, ઉપલેટા, કુતિયાણા અને માણાવદર તાલુકાના અનેક ગામોમાં જળબંબાકારનો ખતરો મંડરાઈ રહ્યો છે. ભાવનગરના શેત્રુંજી ડેમમાંથી પાણી છોડાતાં પાલિતાણા અને તળાજાના ૧૭ ગામોને પણ સતર્ક કરાયા છે.

### તંત્ર એલર્ટ મોડ પરઃ મુખ્યમંત્રીએ લીધો તાગ

જળપ્રલયની આ વિકટ સ્થિતિમાં આધુનિક આપત્તિ વ્યવસ્થાપન સિસ્ટમ્સ કામે લગાડવામાં આવી છે. NDRF અને SDRF ની ટીમોને કોઈપણ કટોકટી માટે સજ્જ રખાઈ છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર સ્થિત સ્ટેટ ડિઝાસ્ટર ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ખાતેથી રાહત, બચાવ કામગીરી અને સ્થળાંતરની સઘન સમીક્ષા કરી છે. વહીવટી તંત્રને કોઈપણ પ્રકારની જાનહાનિ ટાળવા કડક આદેશો આપવામાં આવ્યા છે.



## વરસાદથી ખેતરો ધોવાયા

# ખેડૂતોને મોટુ નુકસાન

## અનેક ખેતરો સરોવર બની ગયા

### પાક બચાવવા સાથે તંત્ર પાસેથી યોગ્ય સહાયની આશા

સૌરાષ્ટ્રમાં વરસેલા અતિભારે વરસાદ અને નદીઓમાં આવેલા ધસમસતા પૂરે ખેડૂતોની આશાઓ પર શાબ્દિક રીતે પાણી ફેરવી દીધું છે. ખરીફ સીઝનના પ્રારંભે જ મગફળી, કપાસ અને સોયાબીન જેવા મોંઘા પાકોનું આગોતરું વાવેતર કરનાર ખેડૂતોના ખેતરો હવે સરોવરમાં ફેરવાઈ ગયા છે. આ જળપ્રલયથી ખેતી વિજ્ઞાન અને ગ્રામીણ અર્થતંત્રને એવો ફટકો પડ્યો છે. અમરેલી જિલ્લાના રાજુલા, ધારી અને સાવરકુંડલા સહિતના પંથકોમાં અસંખ્ય ખેતરો જળમગ્ન છે. પૂરના ધસમસતા પ્રવાહે ખેતરોના પાળાઓ તોડી નાખ્યા છે અને જમીનનું સૌથી ફળદ્રુપ ઉપલું સ્તર (Topsoil) તાણી ગયા છે. માટી ગુમાવવી એ ખેડૂત માટે પાક નિષ્ફળ જવા કરતા પણ મોટું નુકસાન છે. ૪૮ થી ૭૨ કલાક પાણી ભરાઈ રહેવાથી કપાસ અને મગફળીના પાકોના મૂળિયાં સડી ગયા છે અને સંપૂર્ણ નાશ પામ્યા છે. ગોલ્ડ લોન કે ઊંચા વ્યાજે નાણાં લઈને બિયારણ ખરીદનાર ખેડૂતો હવે દેવાની ઊંડી ખાઈમાં ધકેલાઈ રહ્યા છે.

### અમદાવાદનો કહાન ભણવામાં ટૉપર હતો

# NEET પેપર લીક મારો દિકરો ખોયો; લાડકોડથી ઉછેરેલા દીકરાના અંતિમ સંસ્કાર કર્યા



## પેપર ફૂટવાના સમાચારથી 17 વર્ષમાં પહેલીવાર મે કહાનને ગૂસ્સો કરતો જોયો : પિતા

## પિતાની વેદના : નીટની પરીક્ષા કેન્સલ થવા પાછળ ગૂનેગાર કોણ ? અને 20 જુલાઈએ બાળકોને માર્યા એના જવાબદાર કોણ ?



## બાળકો માટે સિસ્ટમ બદલવી પડશે : કહાનના પિતા




"Mera beta sab ke jaisa hi hai, isko dehshatgard bol rahe hai, how can he talk like that? Show my son to everybody"

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દેશભરમાં ચકચાર જગાવનાર NEET પેપર લીક કૌભાંડે અમદાવાદના એક આશાસ્પદ અને તેજસ્વી વિદ્યાર્થીનો ભોગ લીધો છે. ડૉક્ટર બનવાનું સપનું જોનારા ૧૭ વર્ષીય કહાને પરીક્ષા રદ થવાના આઘાતમાં ૧૮ જૂનના રોજ આત્મહત્યા કરી લેતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. જે હાથે દીકરાને ૧૭ વર્ષ સુધી લાડકોડથી ઉછેર્યો હતો, તે જ હાથે પિતા પ્રશાંત પટેલને દીકરાના નશ્વર દેહને અગ્નિદાહ આપવો પડ્યો હતો. સિસ્ટમની આ નિષ્ફળતાએ એક હસતા-રમતા પરિવારનો માળો પીંખી નાખ્યો છે.

કહાન પહેલેથી જ ભણવામાં ટોપર હતો. ધોરણ ૧૦ પછી તેણે જાતે જ મેડિકલ ફિલ્ડમાં જવાનો



નિર્ણય લીધો હતો. છેલ્લા ૨ વર્ષથી તેણે ફૂટબોલ અને મ્યુઝિક જેવા પોતાના તમામ શોખ બાજુ પર મૂકીને માત્ર NEET ની તૈયારીમાં જ રાત-દિવસ એક કર્યા હતા. પરીક્ષા આપ્યા બાદ તે અત્યંત ખુશ હતો અને મિત્રો સાથે સેલિબ્રેશન પણ કર્યું હતું. પરંતુ ૧૨ મેના રોજ પેપર ફૂટી ગયાના સમાચાર અને ત્યારબાદ ૧૭ તારીખે પરીક્ષા રદ થવાની જાહેરાતે તેને અંદરથી તોડી નાખ્યો હતો. ફરીથી પરીક્ષા આપવાના વિચારે તેને એટલો નિરાશ કર્યો કે તેણે જીવન ટૂંકાવવાનો કઠોર નિર્ણય લીધો.

દીકરાને ગુમાવ્યા બાદ પિતા પ્રશાંત પટેલ ભારે આઘાતમાં છે, પરંતુ તેઓએ હાર માની નથી. કહાનના મોત માટે તેઓ સીધી રીતે ભ્રષ્ટ સિસ્ટમને જવાબદાર માને છે. સરકાર તરફથી કોઈ સંતોષકારક જવાબ ન મળતા, પ્રશાંત પટેલ હવે ન્યાય માટે મેદાને ઉતર્યા છે. સોનમ વાંગચુક જેવા અગ્રણીઓ દ્વારા દિલ્હીના જંતર મંતર ખાતે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનમાં તેઓ પણ જોડાયા છે અને સિસ્ટમ સામે લડત આપી રહ્યા છે.


AI IMAGE

## ભોપાલનો શરમજનક બનાવ

# સાથી પોલીસની 17 વર્ષની દીકરી પર કોન્સ્ટેબલે જ બળાત્કાર કર્યો

**સિટી ન્યૂઝ@ભોપાલ**

મધ્યપ્રદેશના ભોપાલમાં ૧૭ વર્ષની સગીરાના અપહરણ અને દુષ્કર્મના આરોપસર એક કોન્સ્ટેબલની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપી અને સગીરાના પિતા સહકર્મચારી હોવાથી બંને પરિવારો વચ્ચે અગાઉથી ઓળખાણ હતી. સમગ્ર ઘટનાને લઈને પોલીસ દ્વારા ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી કોન્સ્ટેબલે પોતાની પુત્રીના જન્મદિવસની પાર્ટીમાં આવવાનું કહી સગીરાને બુધવારે સાંજે લાલ પરેડ ગ્રાઉન્ડ ખાતે બોલાવી હતી. ત્યારબાદ આરોપી અને અન્ય એક કોન્સ્ટેબલ સગીરાને ત્યાંથી અન્ય સ્થળે લઈ ગયા હોવાનો આરોપ છે.

ફરિયાદ મુજબ સગીરાને એક ઓળખીતાના ખાલી રૂમમાં લઈ જવામાં આવી હતી, જ્યાં મુખ્ય આરોપીએ તેના પર દુષ્કર્મ કર્યું હોવાનો આરોપ છે. ઘટના બાદ પીડિતાએ પરિવારને જાણ કરતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો.

પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી છે અને સમગ્ર ઘટનામાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે. સગીરાનું તબીબી પરીક્ષણ સહિત કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું છે.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી અને પીડિતાના પિતા સહકર્મચારી હોવાથી સગીરા આરોપીને ઓળખતી હતી. આ ઓળખાણનો લાભ લઈ તેને જન્મદિવસની પાર્ટીના બહાને બોલાવવામાં આવી હોવાનો આરોપ છે. પોલીસે આરોપીની ધરપકડ કરીને કેસની તમામ પરિસ્થિતિઓની તપાસ શરૂ કરી છે.



## લુધિયાણા પોલીસની ઘટના

# પોલીસ જવાને જ લેડી PI પર રેપ કર્યો


AI IMAGE

## ન્યૂડ વીડિયો બનાવ્યો, ઈન્સ્ટાથી શરૂ થયેલી દોસ્તી રેપ, બ્લેકમેલ સુધી પહોંચી

**સિટી ન્યૂઝ@અમૃતસર**

સબ ઈન્સ્પેક્ટરે હોટલમાં બોલાવીને મારી સાથે બળાત્કાર કર્યો, પછી ન્યૂડ વીડિયો અને ફોટા પાડ્યા. આ પછી બ્લેકમેલ કરીને ઘણી વાર બળાત્કાર કર્યો અને ગર્ભવતી થવા પર ત્રણ વાર ગર્ભપાત કરાવ્યો...

આ આરોપો લુધિયાણામાં લેડી ઈન્સ્પેક્ટરે સબ ઈન્સ્પેક્ટર (SI) સાહિબમીત સિંહ પર લગાવ્યા છે. લેડી ઈન્સ્પેક્ટરે પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું કે- વર્ષ ૨૦૨૩માં ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા થઈ હતી. જ્યારે વાત આગળ વધી ત્યારે આરોપી સબ-ઈન્સ્પેક્ટરે મુલ્લાંપુર મળવા બોલાવી. અહીં હોટલમાં નશીલો પદાર્થ પીવડાવ્યો અને બેભાન અવસ્થામાં પહેલી વાર બળાત્કાર કર્યો. પછી અશ્લીલ વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપીને લાંબા સમય સુધી શારીરિક શોષણ કરતો રહ્યો.

લેડી ઈન્સ્પેક્ટરે કહ્યું કે તે આરોપીની હરકતોથી સંપૂર્ણપણે ભાંગી પડી હતી. આ પછી તેણે આરોપી સબ ઈન્સ્પેક્ટરની માતાને રડી રડીને પોતાની આખી કહાની કહી, તો આરોપીની માતાએ પોતાના દીકરાનો સાથ આપતા વાતને દબાવવાનો પ્રયાસ કર્યો અને કહ્યું કે બૂમો પાડવાની કે પોલીસ પાસે જવાની જરૂર નથી, હું તમારા બંનેના લગ્ન કરાવી દઈશ.

લેડી ઈન્સ્પેક્ટરે પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું કે આ મામલાની શરૂઆત વર્ષ ૨૦૨૩માં થઈ હતી. તેની મુલાકાત ઈન્સ્ટાગ્રામ દ્વારા આરોપી સબ ઈન્સ્પેક્ટર સાહિબમીત સિંહ સાથે થઈ હતી. સાહિબમીત સિંહ લુધિયાણાના ફિરોઝપુર રોડ પર આવેલા સુંદર નગર (ડી-માર્ટની પાછળ)નો રહેવાસી છે. ઈન્સ્ટાગ્રામ પર વાતચીત વધ્યા પછી બંને વચ્ચે ઓળખાણ થઈ. નવેમ્બર ૨૦૨૩માં આરોપી સબ ઈન્સ્પેક્ટરે લેડી ઈન્સ્પેક્ટરને મળવા માટે મુલ્લાંપુર બોલાવી. આરોપી તેને ચા-પાણી પીવડાવવાના બહાને મુલ્લાંપુરના 'ગ્રાન્ડ મેરીવિલા' લઈ ગયો. ત્યાં આરોપીએ પ્લાનિંગ હેઠળ પીડિતાને પીવા માટે કોલ્ડ ડ્રિંક આપી. લેડી ઈન્સ્પેક્ટરે ફરિયાદમાં જણાવ્યું કે કોલ્ડ ડ્રિંક પીતા જ તેની તબિયત બગડવા લાગી અને તે સંપૂર્ણપણે બેભાન થઈ ગઈ. આરોપીએ બેભાન હાલતનો ફાયદો ઉઠાવી તેની ઈચ્છા વિરુદ્ધ જબરદસ્તી શારીરિક સંબંધ બાંધ્યા. ઘટનાના લગભગ ૨ કલાક પછી જ્યારે પીડિતાને ભાન આવ્યું, ત્યારે તેના શરીર પર કપડાં નહોતા. પીડિતાને સમજાઈ ગયું કે તેની સાથે ખોટું કામ થયું છે. જ્યારે તેણે આરોપી સબ ઈન્સ્પેક્ટર સાહિબમીતને આ વિશે સવાલ કર્યો અને વિરોધ કર્યો, ત્યારે આરોપી પોતાના અસલી સ્વરૂપમાં આવી ગયો.

## દિલ્હી પોલીસનો ખુલાસોઃ આ વ્યક્તિઓ ભીડમાં ઘૂસીને પોલીસને નિશાન બનાવી રહ્યા હતા

# જંતર-મંતર પર 2500 ક્રિમિનલ ઘૂસ્યા હતા; 15 FIR નોંધાઈ

## ક્રિમિનલ્સના કારણે નિર્દોષ યુવક-યુવતિઓને પોલીસે દોડાવી-દોડાવી માર્યા હતા

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

દિલ્હી પોલીસે એક મહત્વપૂર્ણ ખુલાસો કર્યો છે જેમાં ખુલાસો થયો છે કે ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા વ્યક્તિઓ ચાલી રહેલા વિરોધ પ્રદર્શનના આડમાં જંતર-મંતર પર આવી રહ્યા છે. વિરોધ સ્થળ પર અગાઉ ગુનાહિત રેકોર્ડ ધરાવતા આશરે ૨,૫૦૦ વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૧૫ FIR નોંધવામાં આવી છે.

જંતર-મંતર ખાતે 'કોકરોચ જનતા પાર્ટી'ના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શન દરમિયાન, દિલ્હી પોલીસે ફેશિયલ રેકગ્નિશન સિસ્ટમનો ઉપયોગ કરીને ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ૨,૫૦૦ થી વધુ વ્યક્તિઓની ઓળખ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિઓ ભીડમાં ઘૂસીને પોલીસને



નિશાન બનાવી રહ્યા હતા. આ ઘટનાઓના સંદર્ભમાં કુલ ૧૫ FIR નોંધવામાં આવી છે. પોલીસ જણાવે છે કે આ કેમેરા સામાન્ય પ્રદર્શનકારીઓ પર નજર રાખવા માટે નહીં, પરંતુ વોન્ટેડ ગુનેગારો, ફરાર આરોપીઓ અને રીઢો ગુનેગારોને ઓળખવા માટે સ્થાપિત કરવામાં આવ્યા હતા.

પોલીસ સૂત્રો સૂચવે છે કે વિરોધ સ્થળની આસપાસના મુખ્ય પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળો પર ચાર FRS યુનિટ તૈનાત કરવામાં આવ્યા છે. આ બધા યુનિટ દિલ્હી પોલીસ ડેટાબેઝ સાથે જોડાયેલા છે. પોલીસ અધિકારીઓ સિસ્ટમ પર સતત દેખરેખ રાખે છે, જેનાથી કોઈપણ વોન્ટેડ ગુનેગાર અથવા રીઢો ગુનેગાર જેમના રેકોર્ડ પહેલાથી જ પોલીસ ડેટાબેઝમાં છે તેમની તાત્કાલિક ઓળખ શક્ય બને છે. એક પોલીસ સૂત્રએ જણાવ્યું હતું કે આ ટેકનોલોજી અત્યાર સુધીમાં ગુનાહિત ઇતિહાસ ધરાવતા ૨,૫૦૦ થી વધુ વ્યક્તિઓની ઓળખ કરી ચૂકી છે. સૂત્રના જણાવ્યા મુજબ, આ સિસ્ટમ એક મજબૂત અવરોધક તરીકે કાર્ય કરે છે અને કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડવા માટે વિરોધનો ઉપયોગ કરી શકે તેવા લોકો પર નજર રાખવામાં મદદ કરે છે.



### યૂવાનો બોલ્યા : મંત્રીના રાજીનામા સુધી અહીં જ રહીશું

## માથું ફૂટ્યું, પગ ભાંગ્યો છતાં જંતર-મંતર પર અડગ પ્રદર્શનકારીઓ

### ફૂલ લઈને ઉભા હતા તો પણ લાઠીઓ મળી

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

કોકરોચ જનતા પાર્ટીએ 'ચલો સંસદ' માર્ચ કાઢી. તેઓ NEET પેપર લીકને લઈને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી રહ્યા છે. પ્રદર્શનકારીઓએ હજુ બેરિકેડ્સ પણ પાર કર્યા ન હતા અને પોલીસે લાઠીચાર્જ કરી દીધો. આ દરમિયાન ૧૦૦ થી વધુ પ્રદર્શનકારીઓ ઘાયલ થયા. કેટલાક હજુ પણ હોસ્પિટલમાં છે, જ્યારે મોટાભાગના ડિસ્ચાર્જ થઈને જંતર-મંતર પર અડગ ઊભા છે. ઘણા સ્થળ પર અમને ૨૦ વર્ષીય અહેલી મળ્યા. તેઓ દિલ્હી યુનિવર્સિટીમાંથી ઈંગ્લિશ ઓનર્સ કરી રહ્યા છે. ૨૦ જુલાઈએ અહીં આવ્યા છે. અહેલી જણાવે છે, 'માર્ચ શરૂ થતા પહેલા અમને કહેવામાં આવ્યું હતું કે જો પોલીસ મારવા પણ આવે, તો શાંત રહીને તેમને ફૂલ આપવાના છે. અમે લોકો ફૂલ લઈને ઉભા હતા. ત્યાં જ ભીડ વચ્ચે એક એમ્બ્યુલન્સ ઘૂસી આવી. કદાચ પોલીસ-પ્રશાસન નાસભાગની સ્થિતિ સર્જવા માંગતું હતું, કારણ કે એમ્બ્યુલન્સની અંદર કોઈ નહોતું. માત્ર તેમના જ એક-બે લોકો હતા. જ્યારે એમ્બ્યુલન્સની સાથે જ અમારા કેટલાક લોકોએ આગળ વધવાનો પ્રયાસ કર્યો, તો પોલીસે લાઠીચાર્જ કરી દીધો.

## જંતર-મંતર પર ઘાયલ થયેલી સાક્ષી હજુ ICUમાં દાખલ

### હોસ્પિટલમાં પોલીસ જવાનો તૈનાત કોઈને જવાની મંજૂરી નહીં : પરિવાર મૌન

સિટી ન્યૂઝ@નવી દિલ્હી



દિલ્હીની રામમનોહર લોહિયા હોસ્પિટલનો પાંચમો માળ. અહીં ૨૧ વર્ષની સાક્ષી દાખલ છે. સાક્ષી ૨૦ જુલાઈએ કોકરોચ જનતા પાર્ટીના પ્રદર્શનમાં ભાગ લેવા જંતર-મંતર ગઈ હતી. ત્યારે પોલીસે લાઠીચાર્જ કર્યો. નાસભાગ મચી અને સાક્ષી ભીડ નીચે દબાઈ ગઈ. ત્યારથી સાક્ષી હોસ્પિટલમાં છે. વાર્તા ફક્ત આટલી જ નથી. હું સાક્ષીને મળવા હોસ્પિટલ ગઈ ત્યારે એક વિચિત્ર વાત અનુભવાઈ. ગેટ પર, લિફ્ટની બહાર અને સાક્ષીના વોર્ડની બહાર બધે પોલીસ છે. કેમ તે સમજાયું નહીં. સાક્ષી સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો તો પોલીસકર્મીઓએ રોકી દીધા. કેમનો જવાબ મળી ગયો. આ બધું ફક્ત એટલા માટે કે કોઈ સાક્ષી સુધી ન પહોંચી શકે. અંદર સાક્ષીના ભાઈ, માતા અને ફોઈ-ફુવા છે. મેં ત્રણ દિવસ સુધી સાક્ષીને મળવાનો પ્રયાસ કર્યો. હોસ્પિટલની ઇમરજન્સી બિલ્ડિંગના કોરિડોરમાં ૫ પોલીસકર્મીઓ બેઠા હતા. અહીં એક ગાર્ડે પૂછ્યું- ક્યાં જવું છે? મેં કહ્યું- ત્રીજા માળે છે. તેણે કહ્યું- અહીંથી એન્ટ્રી બંધ છે, બીજી બાજુથી જાઓ. ત્યાં લિફ્ટ પણ છે. હું લિફ્ટ પાસે પહોંચી. અહીં પોલીસકર્મીઓની બીજી લેયર હતી. લિફ્ટમાં મળેલા બે પોલીસકર્મીઓને પૂછ્યું- સાક્ષીને મળાવી શકો છો? જવાબ મળ્યો- નથી મળાવી શકતા. કાલે કે પરમ દિવસે આવો, મળાવી દઈશું. ત્યારબાદ હું પાંચમા માળે પહોંચી. અહીં પણ ૫ થી ૬ પોલીસકર્મી બેઠા હતા. જે ICUમાં સાક્ષીની સારવાર ચાલી રહી છે, તેની બહાર પણ પહેરો છે. એટલે કે તમે હોસ્પિટલમાં મુક્તપણે અવરજવર કરી શકો છો, પરંતુ સાક્ષી વિશે પૂછતા જ બધાના કાન સરવા થઈ જાય છે. પરિવાર સિવાય કોઈને સાક્ષીની નજીક જવા દેવામાં આવતા નથી. જાણવા મળ્યું કે રાજકીય નેતાઓ પણ સાક્ષીને મળવા માંગતા હતા, પરંતુ પરિવારે ના પાડી દીધી.

### RSS પ્રમુખ મોહન ભાગવતન નિવેદન

# નવી પેઢી આદેશ નહીં, સંવાદ ઈચ્છે છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મોહન ભાગવતે સૂચવ્યું છે કે સ્કૂલના અભ્યાસક્રમમાં હિન્દુ દેવી-દેવતાઓ વિશેની માહિતીનો સમાવેશ કરવો જોઈએ. ખાસ કરીને વિદેશોમાં રહેતા બાળકો પૂછતા હોય છે કે ભગવાનનો ચહેરો હાથી કે વાનર જેવો કેમ છે?

જ્યારે બાળકો ઘેર આવીને આવા પ્રશ્નો પૂછે છે, ત્યારે ઘણીવાર પેરેન્ટ્સ (Parents) પાસે તેનો સાચો જવાબ હોતો નથી. તેથી આ વિષયો સ્કૂલ સિલેબસનો ભાગ હોવા જોઈએ જેથી બાળકોની જિજ્ઞાસાઓ શાંત થઈ શકે. જોકે, તેમણે એમ પણ સ્પષ્ટ કર્યું કે બાળકોને માત્ર બુક્સના ભરોસે છોડી શકાય નહીં.



યુવાનોની બદલાતી માનસિકતા વિશે વાત કરતા ભાગવતે કહ્યું કે આજના બાળકો માત્ર વડીલોના ઓર્ડરનું પાલન નથી કરતા, પરંતુ દરેક વાતનું વિશ્લેષણ કરે છે. નવી પેઢી સવાલ પૂછે છે અને દરેક વસ્તુ પાછળનું સાયન્સ કે લોજીક જાણવા માંગે છે. તેથી, વડીલો અને પેરેન્ટ્સે તેમની સાથે ખુલ્લા મનથી વાતચીત કરવી પડશે અને તેમને સમજાવવા પડશે. આરએસએસના સરસંઘચાલકે જણાવ્યું કે અંગ્રેજોએ આપણા મનમાં એવો ભ્રમ પેદા કર્યો હતો કે આપણું અધ્યાત્મ અને પરંપરાઓ ખોટી છે અને તેમનું વિજ્ઞાન જ સાચું છે. તેમણે કહ્યું, "આપણે આપણી પરંપરાઓ અને અધ્યાત્મ ભૂલી ગયા છીએ. હવે તેને ફરીથી સમજવાનો અને અપનાવવાનો સમય આવી ગયો છે. દેશ પર વિદેશી આક્રમણો અને ખાસ કરીને અંગ્રેજોના શાસનકાળ દરમિયાન આપણી શિક્ષણ પદ્ધતિ અને વિચારસરણીને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

### અમરેલીના ભાજપ નેતા ડો. કાનાબારનું આંદોલનને સમર્થન

# રાષ્ટ્રની સાચી તાકાત યુવાનોનો અવાજ દબાવવામાં નહીં, સાંભળવામાં છે

### દિલ્હીનું યુવા આંદોલનને કાનાબારે ન્યાયપૂર્ણ ગણાવ્યું

**સિટી ન્યૂઝ@અમરેલી**

અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારે પરીક્ષા રદ થવા મામલે આંદોલન કરી રહેલ યુવાનોનાં સમર્થનમાં સોશ્યલ મીડિયા મારફત એક સમર્થન આપતો સંદેશ વાયરલ કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, રાષ્ટ્ર માટે આનાથી મોટી કરૂણતા બીજી કોઈ હોઈ શકે નહીં કે જ્યારે સમાજ પોતાના જ યુવાનોની પીડા અને વેદના અનુભવી શકવામાં નિષ્ફળ જાય છે. ન્યાયની માંગણી કરતા આક્રોશિત યુવાનો ભભદેશદ્રોહીભભ નથી. સમાન અને ન્યાયસંગત તકની માંગ કરતો યુવાન દેશ માટે ખતરો કેમ કહેવા ? ખતરો તો એવી વ્યવસ્થાથી છે જે બેઈમાનીને પ્રોત્સાહન આપે છે અને લાયકાતને સજા કરે છે. યુવાનોના આક્રોશને ભભદેશ વિરોધીભભ ગણાવવાથી સમસ્યાનો ઉકેલ આવતો નથી-તે માત્ર સમાજમાં વિભાજન અને અવિશ્વાસ વધારે છે. દરેક પેપર લીધ વર્ષોની મહેનત અને અસંખ્ય અધૂરા સપનાઓ પર પાણી ફેરવી દે છે.



દરેક રદ થયેલી પરીક્ષા નીચે મહિનાઓ કે વર્ષોની તપસ્યા, આશાઓ અને અથાગ પરિશ્રમ દટાયેલા હોય છે. જ્યારે પરીક્ષાની પવિત્રતા અને વિશ્વસનીયતાનું રક્ષણ કરવામાં જવાબદાર લોકો નિષ્ફળ જાય છે,ત્યારે તેઓ માત્ર એક પરીક્ષામાં નહીં, પરંતુ આખી જનરેશન સામે નિષ્ફળ જાય છે.


વારંવાર થતાં પેપર લીક અને પરીક્ષા પ્રણાલીની નિષ્ફળતા કોઈ એકલદોકલ ઘટના નથી, તે આપણા સમાજમાં સતત ઘસાતા જતા નૈતિક મૂલ્યોના પતનની નિશાની છે. આ સમસ્યાનો ઉકેલ માત્ર એક મંત્રીના રાજીનામાથી કે કોઈ એક વ્યક્તિને બલિનો બકરો બનાવવાથી આવવાનો નથી. આપણી સાચી લડાઈ બેઈમાની, ભ્રષ્ટાચાર અને નૈતિક અધોગતિ સામે હોવી ઘટે. જ્યાં સુધી આપણે શિક્ષણ, આરોગ્ય સહિતના જીવનના દરેક ક્ષેત્રમાં અન્યાય અને અપ્રમાણિકતાનો સામૂહિક વિરોધ નહીં કરીએ, ત્યાં સુધી આવી ઘટનાઓ લાયક લોકોને અન્યાય કરતી રહેશે.

### પક્ષીય રાજકારણથી ઉપર ઉઠીને યુવાનો માટે એક થવાની અપીલ

# ભાજપ નેતા જવાહર ચાવડાએ આંદોલન સામે મેદાનમાં : મુખ્યમંત્રી સાથે મુલાકાતની માંગ

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

ભાજપના નેતા અને પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડાએ રાજ્યમાં યુવાનોને સતાવતા બેરોજગારી, પેપર લીક અને શિક્ષણ સંબંધિત પ્રશ્નોને લઈને ચિંતા વ્યક્ત કરી છે. તેમણે નાગરિકો અને વાલીઓને સંબોધીને એક જાહેર પત્ર લખ્યો છે, જેમાં છેલ્લા એક વર્ષથી યુવાનો વચ્ચે રહીને તેમની સમસ્યાઓને નજીકથી સમજવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાવ્યું છે.



તેમણે કહ્યું કે વારંવાર બનતી પેપર લીકની ઘટનાઓ અને રોજગારીના મર્યાદિત અવસરને કારણે યુવાનોમાં નિરાશા વધી રહી છે. જવાહર ચાવડાએ પોતાના પત્રમાં જણાવ્યું છે કે યુવાનોના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે તેમણે મુખ્યમંત્રી પાસે રૂબરૂ મુલાકાત માટે સમય માંગ્યો છે. તેઓ હાલ મુખ્યમંત્રીના પ્રતિભાવની રાહ જોઈ રહ્યા હોવાનું પણ પત્રમાં ઉલ્લેખ કર્યો છે. તેમના જણાવ્યા મુજબ, આ મુદ્દે માત્ર ચર્ચા નહીં પરંતુ અસરકારક અને લાંબા ગાળાના ઉકેલ માટે સરકાર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવે તે જરૂરી છે.

પત્રમાં તેમણે તમામ નાગરિકો, વાલીઓ અને સમાજના વિવિધ વર્ગોને પક્ષ, જ્ઞાતિ અને ધર્મના ભેદભાવથી દૂર રહીને યુવાનોના હિતમાં એકજૂથ થવાની અપીલ કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે યુવાનોનું ભવિષ્ય કોઈ એક પક્ષનો નહીં પરંતુ સમગ્ર સમાજનો વિષય છે. તેથી દરેક વ્યક્તિએ જવાબદારીપૂર્વક આ મુદ્દે અવાજ ઉઠાવવો જોઈએ.

જવાહર ચાવડાએ પોતાના પત્રમાં એવો પણ ઉલ્લેખ કર્યો છે કે ગાંધીના ગુજરાતમાં વિદ્યાર્થીઓને વારંવાર અન્યાયનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે જણાવ્યું કે શિક્ષણ અને રોજગારી જેવા મૂળભૂત મુદ્દાઓ પર ગંભીરતાથી વિચાર કરીને અસરકારક નિર્ણય લેવાની જરૂર છે. સાથે જ તેમણે આશા વ્યક્ત કરી છે કે સરકાર યુવાનોના પ્રશ્નોને પ્રાથમિકતા આપીને યોગ્ય પગલાં ભરશે અને રાજ્યના વિદ્યાર્થીઓ તથા યુવાનોને ન્યાય મળશે.

**Gen-Z અને દેશના યુવાનોની અખંડ એકતાને વંદન : અન્યાય સામે લડાઈએ શિક્ષણ વ્યવસ્થાને પારદર્શક બનવા મજબૂર કરી**

# વિદ્યાર્થી શક્તિ સામે સરકાર નતમસ્તકઃ રોહિતસિંહ રાજપુત

**સિટી ન્યૂઝ@રાજકોટ**



નીટ પેપરલીક મામલે ચાલી રહેલા દેશના સૌથી મોટા અસરદાર આંદોલનના કારણે શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ કોંગ્રેસના લડાયક વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપુતે આ મામલે કહ્યું છે કે આ રાજીનામું તે માત્ર એક રાજકીય ફેરફાર નથી, પરંતુ દેશના કરોડો વિદ્યાર્થીઓના અભૂતપૂર્વ સંઘર્ષ, અખંડ એકતા અને લોકશાહી પરના અચળ વિશ્વાસની જીત છે. નીટ (NEET) પેપર લીક જેવા ગંભીર અને ભવિષ્ય રુંધતા મુદ્દા સામે દેશભરના વિદ્યાર્થીઓએ પોતાના હક અને આવનારી પેઢીના ન્યાય માટે અવાજ ઉઠાવ્યો હતો. એક વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે મને દરેક વિદ્યાર્થીની અજોડ એકતા અને સંઘર્ષને શત-શત વંદન કરવાનું મન થાય છે. Gen-Z એ સાબિત કરી દીધું છે કે જ્યારે દેશનો યુવા ન્યાય માટે એક થઈને ઊભો રહે છે, ત્યારે ગમે તેવી મજબૂત સત્તાને પણ નમવું પડે છે.

દિલ્હીના જંતર-મંતર પર દેશના ખૂણે-ખૂણેથી આવેલા વિદ્યાર્થીઓએ તડકો, વરસાદ અને ઠંડી વચ્ચે દિવસ-રાત રસ્તા પર વિતાવીને આંદોલન ચલાવ્યું. પૂરતી પ્રાથમિક સુવિધાઓ ન હોવા છતાં, આર્થિક ખેંચ અને પરિવારથી દૂર રહીને પણ માત્ર નાના-નાના નાસ્તાના પડીકાં ખાઈને ભૂખ્યા પેટે શિક્ષણમાં પારદર્શકતા માટે સંગ્રામ ચાલુ રાખ્યો. આ લડતમાં પ્રખ્યાત સામાજિક કાર્યકર સોનમ વાંગચુકનું અનશન અને હજારો વિદ્યાર્થીઓનું સમર્પણ દેશના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. આ માત્ર વિરોધ નહોતો, પરંતુ દેશની શિક્ષણ વ્યવસ્થાને જવાબદાર બનાવવાનો ભગીરથ પ્રયાસ હતો.

આંદોલન દરમિયાન વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને દમનકારી નીતિઓ અપનાવીને અવાજ દબાવવાનો પ્રયાસ થયો, પરંતુ સત્ય અને ન્યાયની લડાઈ લડી રહેલા યુવાનો એક ઇંચ પણ પાછળ હટ્યા નહીં. વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત કોંગ્રેસ પાર્ટીએ વિદ્યાર્થીઓની આ વાજબી માંગણીઓને સમર્થન આપ્યું. આ લડાઈ કોઈ પક્ષની નહીં, પરંતુ દેશના દરેક વિદ્યાર્થીના ઉજ્જવળ ભવિષ્યની હતી.આ ઐતિહાસિક વિદ્યાર્થી આંદોલનને સૌથી મોટી નૈતિક તાકાત પ્રખ્યાત સામાજિક કાર્યકર સોનમ વાંગચુકના અનશન અને સમર્પણથી મળી. વિદ્યાર્થીઓ પર થતા અન્યાય અને શિક્ષણ વ્યવસ્થામાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર સામે તેમણે પોતાનું સ્વાસ્થ્ય દાવ પર લગાવીને આમરણ અનશન હાથ ધર્યું હતું. તેમની આ અહિંસક અને સત્યાગ્રહી લડતે દેશભરના યુવાનોમાં એક નવી ઉર્જા અને હિંમત પૂરી પાડી. સોનમ વાંગચુકનું આ ત્યાગ અને દેશના યુવાનોના ભવિષ્ય માટેનું સમર્પણ ભારતના શિક્ષણ

**શિક્ષણ મંત્રીનું રાજીનામું એ લોકશાહી અને યુવા એકતાની ઐતિહાસિક જીત!**

ક્ષેત્રના ઇતિહાસમાં સદાય માટે યાદ રાખવામાં આવશે. તેમની આ લડાઈએ સાબિત કરી દીધું કે સત્ય અને નિષ્ઠા સામે ગમે તેટલી અહંકારી સત્તાએ પણ આખરે નમવું જ પડે છે.


આંદોલનના પ્રથમ દિવસથી જ દેશના લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીજી અને સમગ્ર કોંગ્રેસ પાર્ટી વિદ્યાર્થીઓના પડખે મજબૂતીથી ઊભા રહ્યા. રાહુલ ગાંધીજીએ વિદ્યાર્થીઓની વેદના સમજીને તેમના ન્યાયની માંગણીને સંસદથી લઈને આખા દેશની શેરીઓ સુધી પ્રમુખતાથી વાચા આપવાનો પ્રયાસ કર્યો. જ્યારે સત્તા પક્ષ વિદ્યાર્થીઓના અવાજને દબાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે તેમણે યુવાનોના સંઘર્ષને દેશવ્યાપી બળ પૂરું પાડ્યું. આ લડાઈ કોઈ રાજકીય લાભ માટે નહીં, પરંતુ દેશના નિર્દોષ વિદ્યાર્થીઓના ભવિષ્ય અને શિક્ષણની ગરિમા બચાવવા માટે હતી. રાહુલ ગાંધીજીના સતત સમર્થને દર્શાવ્યું કે લોકશાહીમાં જ્યારે વિપક્ષ અને યુવા શક્તિ એક સાથે આવે છે, ત્યારે અન્યાયી સત્તાને નમવું જ પડે છે.

કોંગ્રેસના નેતા રોહિતસિંહ રાજપૂતે અંતમા જણાવ્યુ કે આ ઐતિહાસિક આંદોલને સાબિત કર્યું છે કે જાગૃત યુવા શક્તિ જ લોકશાહીની સૌથી મોટી તાકાત છે. આજે મળેલી સફળતા એ માત્ર શરૂઆત છે હવે પછીની દરેક પરીક્ષા પારદર્શક, નિષ્પક્ષ અને વિશ્વસનીય બને તેમજ ભવિષ્યમાં કોઈ પણ સરકાર વિદ્યાર્થીઓના હિત વિરુદ્ધ નિર્ણય લેતા પહેલાં સો વખત વિચારે એ જ આ આંદોલનની સાચી સફળતા છે.દેશના ખૂણે-ખૂણેથી આ લડાઈમાં જોડાયેલા દરેક સાથી અને વિદ્યાર્થી શક્તિને હૃદયપૂર્વક સલામ અને વંદન!

# ‘દેશના યુવાનોની જીત’ઃ ઈસુદાન

## ભારત દેશે અંગ્રેજોને પણ ઝૂકાવી દીધા હતા, તો આ ભાજપના લોકો શું ચીજ છે?

**સિટી ન્યૂઝ@રાજકોટ**



કોક્રોચ જનતા પાર્ટી દ્વારા શરૂ કરાયેલા આંદોલન બાદ હવે આખરે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું છે. આ મુદ્દા પર આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પોતાનું નિવેદન આપતા જણાવ્યું હતું કે આખરે યુવાનોની જીત થઈ, એકતાની જીત થઈ. ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું. નીટનું પેપર લીક થાય છે અને આ બાબતે ફક્ત નિવેદનો ચાલતા હતા ત્યારે અભિજીત દીપકેએ કોક્રોચ જનતા પાર્ટી બનાવી અને એમાં કરોડો લોકો જોડાયા. એટલું જ નહીં પરંતુ સોનમ વાંગચૂકજીએ ૨૬ દિવસ સુધી અનશન કર્યું. સાથે સાથે કરોડો યુવાનો જોડાયા એટલા માટે આ શક્ય બન્યું. અલગ અલગ પાર્ટીઓએ પણ પોતાની વિપક્ષની ભૂમિકાઓ ભજવી છે પરંતુ સૌથી પહેલા અભિનંદન યુવાનોની એકતાને જાય છે.

**સોનમ વાંગચૂક, અભિજીત દીપકે, કોક્રોચ જનતા પાર્ટી સહિત દેશના કરોડો લોકો સાથે સાથે નેતાઓ તથા અધિકારીઓના બાળકો પણ આંદોલનમાં જોડાયા હતાઃ ઈસુદાન ગઢવી**

**દેશના યુવાનો કંઈ નક્કી કરી લેશે તો તેને મેળવીને જ રહે છે**

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, સત્તા પર કોને બેસાડવા છે અને કોને ઉતારવા છે એ ભારતના યુવાનો નક્કી કરે છે. પોલિટિકલ પાર્ટીઓ જ્યારે વિરોધ કરે તો તેમની ડિટેન કરી દેવામાં આવે છે, તેમને ઘરે બેસાડી દેવામાં આવે છે પરંતુ જ્યારે ૨૦ કરોડ યુવાનો પોતપોતાના વિસ્તારમાં બહાર નીકળે છે પછી ભલે એ જજના દીકરા દીકરી કર્યો હોય, નેતાના દીકરાઓ હોય કે આઈએએસ - આઈપીએસના દીકરા દીકરી હોય, ફિલ્મ સ્ટાર હોય સામાજિક સંગઠનો સહિત કરોડો લોકો રસ્તા પર ઉતર્યા અને સ્વયંભૂ આંદોલન ચલાવ્યું અને આ આંદોલનમાં યુવાનોની જીત થઈ, યુવાનોની એકતાની જીત થઈ અને આખરે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું. યુવાનો પર ઘણા આક્ષેપો કરવામાં આવ્યા કે વિદેશથી ફંડ આવી રહ્યું છે, ચીનના એજન્ટ છે. પરંતુ યુવાનોએ એક જ માંગ રાખી કે અમારે રાજીનામું જોઈએ છે. ભાજપની કોઈ ચાલ ચાલી નહીં, યુવાનો એક રહ્યા અને અંત સુધી યુવાનો અડગ રહ્યા. આ GenZની જીત છે, આ GenZ ધારે એ બધું કરી શકે છે.

**ઈસુદાન ગઢવીએ આંદોલનનું શ્રેય દેશભરના યુવાઓને આપ્યું**

# વેદાંતના દગા પછી પણ નીશી પાછી આવી હોત તો હું તેને સ્વીકારી લેતો, જીવન ટુંકાવવાની ક્યાં જરૂર હતી ?

પોલીસને જે પ્રશ્ન હતો, તે જ પ્રશ્ન ગોપાલનાં મનમાં પણ હતો. નિશીએ આત્મહત્યા શું કામ કરી? ગોપાલનું મન માનવા જ તૈયાર નહોતું કે, નિશી હવે આ દુનિયામાં રહી નથી! ગોપાલે અખબારમાં સમાચાર વાંચ્યા હતા. તેમાં લખ્યુ હતું કે, "નિશી પંચાલ નામની યુવતીએ કોઈ અગમ્ય કારણોસર પોતાનું જીવન ટુંકાવ્યું છે. આ મામલે પોલીસ તપાસ ચલાવી રહી છે."




રાકેશને પણ ખબર હતી કે, અખબારમાં સમાચાર આવ્યા છે એટલે ગોપાલને જેલમાં પણ ખબર તો પડશે જ. કદાચ એટલે જ રાકેશ મુલાકાતમાં આવ્યો હતો. રાકેશે પોતાની વાત આગળ વધારતાં કહ્યું, "નિશીએ તારાથી અલગ થવાનો નિર્ણય કર્યો તેનું મને બહુ ખરાબ લાગ્યું હતું. એના ઘણીવાર ફોન આવતા હતા, પણ હું તેનો ફોન રિસિવ કરતો નહોતો. તેણે મને મેસેજ કરીને મળવા માટે વિનંતી કરી ત્યારે હું તેને મળવા પણ ગયો હતો.

તને સજાનો હુકમ થયો ત્યાર પછી એના પપ્પા નિશીને સતત ડિવોર્સ આપવા માટે દબાણ કરતા હતા. નિશી તને ડિવોર્સ આપવા માગતી નહોતી; પણ પછી અચાનક તેની જિંદગીમાં રહેલી ખાલી જગ્યા ભરવા વેદાંત આવી ગયો. નિશી એના પ્રેમમાં તો પડી, પણ મનમાં તેને સતત અફસોસ હતો કે, તેણે તને દગો આપ્યો છે. તેનું મન સતત તેને ડંખ્યા કરતું હતું અને તેનું મગજ ભવિષ્યની ચિંતાને કારણે તેને વેદાંત સાથે લગ્ન કરી લેવાનું કહેતું હતું.

નિશી મને મળી ત્યારે તને યાદ કરીને ખૂબ રડી હતી. તેણે કહ્યું હતું કે, મારા બદલે તું એની માફી માગજે; પણ હું તને જ્યારે પણ મળવા આવ્યો, ત્યારે મેં તને નિશીની વાત કરી નહીં. કારણ કે હું તને ડિસ્ટર્બ જોવા માગતો નહોતો. નિશી સાથે પછી મારી વાત થતી હતી. તે દરેક વખતે તારી ખબર મને અચૂક પૂછતી.


નિશી તને ક્યારેય ભૂલી શકી જ નહીં. વેદાંતે જ્યારે પોતાના ઘરે નિશી સાથે લગ્નની વાત કરી, ત્યારે વેદાંતના મમ્મીપપ્પાએ ચોખ્ખી ના કહી દીધી. કારણ કે નિશી અલગ જ્ઞાતિની હતી. પછી નવો મુદ્દો આવ્યો હતો કે, નિશી ડિવોર્સી છે. પણ વેદાંતને ભરોસો હતો કે, તે એના મમ્મી પપ્પાને સમજાવી લેશે. નિશીને આ વાતનો બહુ ડર લાગતો હતો. તેણે મને પૂછ્યું હતું કે, વેદાંત મને છોડી તો નહીં દેને?"

રાકેશ એક ક્ષણ રોકાયો. પછી તેણે ગોપાલ સામે જોતાં કહ્યું, "જ્યારે નિશીએ મને આવો સવાલ પૂછ્યો હતો ત્યારે મને અંદરથી ખૂબ ગુસ્સો આવ્યો હતો. મને થતું કે, તે ગોપાલને છોડી દીધો ત્યારે તને ગોપાલનો વિચાર નહોતો આવ્યો? પણ હું તેને એવું પૂછી શક્યો નહીં."રાકેશે ઊંડો શ્વાસ લીધો અને પછી કહ્યું, "તું પણ મારો મિત્ર અને નિશી પણ મારી મિત્ર, છતાં ક્યારેક મારા મનમાં બદલો લેવાની ભાવના આવી જતી હતી. મારું મન નિશીને શ્રાપ આપી રહ્યું હતું કે, તે ગોપાલ સાથે જેવું કર્યું છે, એવું જ ભગવાન તારી સાથે પણ કરશે."રાકેશના ચહેરા પર અફસોસનો ભાવ આવી ગયો. એણે કહ્યું, "મને ખબર નહોતી કે, મારો શ્રાપ પણ સાચો પડી શકે છે."

આટલું બોલ્યા પછી રાકેશ શ્વાસ લેવા એકાદ મિનિટ રોકાયો પછી કહ્યું, "પરમદિવસે સવારે મને નિશીનો ફોન આવ્યો હતો. તેણે મને કહ્યું હતું કે, કોર્ટે ડિવોર્સનો ઓર્ડર કરી દીધો છે. હું કઈ બોલ્યો નહીં. તેણે મને કહ્યું, ગોપાલની કોપી હું તને આપી જઈશ. મને ત્યારે બહુ ખરાબ લાગ્યું હતું.હવે તો નિશી માટે વેદાંત સાથે લગ્ન કરવાનો રસ્તો કાયદેસર રીતે પણ ખુલી ગયો હતો. વેદાંતનો પરિવાર તૈયાર થાય એટલે નિશી અને વેદાંત પોતાની એક નવી સફર શરૂ કરવાનાં હતાં. પણ એ રાતે જ સમાચાર મળ્યા કે, નિશીએ આત્મહત્યા કરી લીધી છે. નિશીએ પોતાના રૂમમાં ગળાફાંસો ખાઈ લીધો છે.

મને આશ્ચર્ય એ બાબતનું હતું કે, ડિવોર્સ મળી ગયા પછી પણ આત્મહત્યા કરવાનું શું કારણ હતું? હું અને પપ્પા નિશીના અંતિમ સંસ્કાર વખતે સ્મશાનમાં પણ ગયા હતા. ત્યાં નિશીની સોસાયટીના ઘણા લોકો હતા. મેં તેમની વાત સાંભળી ત્યારે મને આઘાત લાગ્યો. સોસાયટીમાં ઘણાબધા લોકોએ વેદાંત અને નિશીને સાથે જોયાં હતાં. જેના કારણે તેમની વચ્ચે કંઈક છે, તેવી ચર્ચા પણ હતી.

જે દિવસે નિશી ડિવોર્સનો ઓર્ડર લઈને આવી, ત્યારે નિશીને ખબર પડી



પ્રશાંત દયાળ

કે વેદાંત તેના મમ્મીપપ્પાએ પસંદ કરેલી કોઈ છોકરી સાથે સગાઈ કરી રહ્યો છે. નિશીએ તેને ખૂબ ફોન કર્યા, પણ વેદાંતે એનો ફોન ઉપાડ્યો જ નહીં, કારણ કે ત્યારે જ વેદાંતનાં ઘરમાં સગાઈની વિધિ ચાલી રહી હતી. નિશી આ આઘાત સહન કરી શકી નહીં. કદાચ વેદાંતના આ નિર્ણય પછી નિશી પોતાને જ માફ ન કરી શકી."

રાકેશે જોયું કે, ગોપાલની આંખમાંથી દડદડ આંસુ વહી રહ્યા છે. રાકેશ પણ પોતાનું રુદન રોકી શક્યો નહીં. તેને નિશી પર પહેલા ગુસ્સો હતો, પણ હવે તો નિશી પર ગુસ્સો પણ કરી શકાય તેમ નહોતું. કારણ કે તે હવે આ દુનિયામાં રહી જ નહોતી. રાકેશને લાગ્યું કે, તે લાંબો સમય ગોપાલ સામે ઊભો રહી શકે તેમ નથી. તેણે ગોપાલને કહ્યું, "ચાલ, પછી મળીએ."

આટલું કહીને એ મુલાકાતરૂમની બહાર જતો રહ્યો. હજી ગોપાલની આંખમાં આંસુ હતા. એ મુલાકાતરૂમના સળિયા પકડીને એમ જ ઊભો હતો. થોડીવાર પછી એક સિપાહીનું ધ્યાન તેની તરફ ગયું. તેણે બૂમ પાડીને કહ્યું, "ચાલ ભાઈ, તારી મુલાકાત પૂરી થઈ હોય તો નીકળ."ગોપાલ મુલાકાતરૂમની બહાર નીકળ્યો. રૂમની બહાર જ વિરાંગ ઊભો હતો. તેણે ગોપાલનો હાથ પકડ્યો અને નજીકમાં આવેલાં લીમડાનાં ઝાડ પાસે લઈ ગયો. તેણે ગોપાલ સામે જોયું. ગોપાલે કહ્યું, "રાકેશ આવ્યો હતો."વિરાંગે કંઈ જ પૂછ્યું નહીં. ગોપાલે પગના અંગુઠાથી જમીન કોતરતાં કહ્યું, "નિશી સાથે પણ મારા જેવું જ થયું. વેદાંતે પોતાનાં મમ્મીપપ્પાએ પસંદ કરેલી છોકરી સાથે સગાઈ કરી લીધી. નિશી એ આઘાત સહન કરી શકી નહીં."

વિરાંગ પાસે હવે પૂછવા જેવું કંઈ જ નહોતું. ગોપાલે વિરાંગ સામે જોતાં કહ્યું, "નિશીએ આવું પગલું ભરવાની જરૂર નહોતી. હું તો ભગવાનને પ્રાર્થના કરતો હતો કે, નિશી જ્યાં પણ રહે ત્યાં ખુશ રહે; પણ નિશી તો દુનિયા જ છોડીને જતી રહી!"ગોપાલે વિરાંગના ખભે હાથ મૂકતાં કહ્યું, "વેદાંતે એને દગો આપ્યો એ પછી પણ નિશી મારી પાસે પાછી આવી હોત; તો હું એને સ્વીકારી લેતો. કારણ કે નિશી ભલે મારાથી અલગ થઈ હતી, હું તો એનાથી ક્યારેય અલગ થયો જ નહોતો."

વિરાંગ અને ગોપાલ પોતાની બેરેક તરફ ચાલવા લાગ્યા. ગોપાલ એકલો એકલો બબડી રહ્યો હતો કે, નિશીએ આવું કરવાની જરુર નહોતી. બેરેકમાં પહોંચ્યા ત્યારે જમવાનું આવી ગયું હતું. ગોપાલ અને વિરાંગની થાળી કોઈ કેદીએ ઢાંકી રાખી હતી; પણ તે રાતે ગોપાલ તો ઠીક, વિરાંગ પણ જમી શક્યો નહીં. કદાચ તેઓ બંને સૂઈ પણ નહીં શક્યા હોય. (ક્રમશ)

# ચેક રિટર્ન કેસમાં ઉનાના વેપારીને એક વર્ષની સજા

## 5 લાખનું વળતર એક મહિનામાં ચૂકવવાનો આદેશ; ચુકવણી નહીં થાય તો વધારાની 3 મહિનાની સજાનો હુકમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ચેક રિટર્નના એક મહત્વપૂર્ણ કેસમાં રાજકોટની અદાલતે ઉનાના જય સોમનાથ એન્ટરપ્રાઇઝના સંચાલક કપીલ મનોજભાઈ દવેને એક વર્ષની કડક સજાનો હુકમ કર્યો છે. અદાલતે આરોપીને ફરિયાદીને રૂ. ૫ લાખનું વળતર એક મહિનાની અંદર ચૂકવવાનો આદેશ આપ્યો છે. નિર્ધારિત સમયમર્યાદામાં વળતર ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૩ મહિનાની વધારાની સજા ભોગવવાનો પણ સ્પષ્ટ હુકમ કરવામાં આવ્યો છે.

કેસની વિગત મુજબ, જય સોમનાથ એન્ટરપ્રાઇઝના નામે ધંધો કરતા અને ઉના મુકામે રહેતા અને ઓફીસ ધરાવતા આરોપી કપીલ મનોજભાઈ દવેને લીઝની પેનલ્ટી અને રોયલ્ટીની રકમ ભરવા રૂા.૫,૦૦,૦૦૦/- ની જરૂરત હોવાથી ફરીયાદી પાસેથી મેળવી તે રકમ પરત અદા કરવા ઇસ્યુ કરી આપેલ ચેક રીટર્ન થતા કેસ ચાલી જતા આરોપી કપીલ દવેને એક વર્ષની સજા ઉપરાંત રકમ રૂા.૫,૦૦,૦૦૦/- નું વળતર એક માસમાં ફરીયાદીને ચુકવવા અને તેમા કસુર કર્યો ત્રણ માસની સજાનો સીમાચીન્હ રૂપ ચુકાદો રાજકોટના મહે. એડી. ચીફ. જયુડી. મેજી. સાહેબે ફરમાવેલ છે.

કેસની હકીકત જોઈએ તો મું.ટોબરા, તા.સુત્રાપાડા, જી. ગીરસોમનાથ મુકામે સફેદ પત્થરની લીઝનો ધંધો કરતા અને રાજકોટમાં ભક્તિનગર સર્કલ પાસે રહેતા ફરીયાદી હસમુખ ભીખાભાઈ બાંભણીયા પાસેથી ઉના મુકામે જય સોમનાથ



એડવોકેટ સુરેશ ફળદુ

### ફરીયાદીએ મજબુત પરાવાઓથી પોતાનો કેસ પુરવાર કરેલ હોય આરોપીને મહતમ સજા કરવીજોઈએ એડવોકેટ સુરેશ ફળદુ

એન્ટરપ્રાઈઝના નામે ઓફીસ ધરાવતા અને લીઝનો ધંધો કરતા આરોપી કપીલ મનોજભાઈ દવેએ પોતાને પેનલ્ટી અને રોયલ્ટી ભરવા માટે નાણાની જરૂરત હોવાથી સબંધના દાવે ફરીયાદી પાસેથી રૂા.૫,૦૦,૦૦૦/- મેળવી તે રકમ પરત અદા કરવા તહોમતદારે તેની બેંકનો ચેક સહી કરી આપી ઇસ્યુ કરી આપતી વખતે ચેક પાસ થઈ જશે પરત ફરશે નહી તેવા આપેલ ભરોષે ફરીયાદીએ તેના બેંક ખાતામાં રજુ કરેલ ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફરતા આરોપીને પાઠવેલ નોટીસ બજી જવા છતા ફરીયાદીની રકમ નહી ચુકવતા ફરીયાદીએ તે સબંધે રાજકોટની કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ.

ઉપરોકત કેસ ચાલી જતા આરોપી તરફે એવી દલીલો કરવામાં આવેલ કે આરોપીએ ફરીયાદીના પુરાવાનું સચોટ ખંડન કરેલ હોય નિર્દોશ ઠરાવી છોડી મુકવા કરેલ રજુઆત સામે ફરીયાદીના એડવોકેટ સુરેશ ફળદુ દ્વારા એવી રજુઆતો કરવામાં આવેલ કે ફરીયાદી વ્યારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા પરથી પોતાનો કેસ સાબીત કરેલ હોય જે પુરાવાથી વિરુધ્ધનો પુરાવો લાવવામાં વિકલ્પે ફરીયાદીના પુરાવાનું કોગ ઝન્ટ એવીડન્સથી ખંડન થઈ શકે તેટલો ચુસ્ત, વિશ્વાસપાત્ર, ભરોષાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવવામાં આરોપી પણ નિષ્ફળ નીવડેલ છે તેમજ ફરીયાદ પક્ષના પુરાવાનું ખંડન કરી શકેલ નથી, ફરીયાદ પસે જયારે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરેલ હોય, ચેક આપ્યાનો કે ચેકમાં સહીનો ઈન્કાર ન હોય ત્યારે ફરીયાદી ચેકના યથાનુક્રમે ધારણ કર્તા છે તેમ માની ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવુ જોઈએ જે સબંધે નામદાર સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટોના ચુકાદાઓ રજુ કરી લંબાણ પુર્વકની દલીલો કરવામાં આવેલ.

રેકર્ડ પરના રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને સમગ્રપણે ધ્યાને લેતા ફરીયાદપક્ષની હકીકતોને સોગંદ પરના પુરાવાથી દસ્તાવેજી પુરાવાને સંપૂર્ણ પણે સમર્થન મળે છે, આરોપીએ ફરીયાદીનું કાયદેસરનુ લેણુ પરત કરવા ચેક ઈશ્યુ કરી આપેલની હકીકતને સમર્થન મળે છે ફરીયાદ પક્ષે રજુ કરેલ દસ્તાવેજો સબંધે ઉઠાવેલ તકરાર પુરવાર કરી શકેલ નથી ફરીયાદવાળો ચેક આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ હતો તેવી હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર થયેલ છે તેમજ ચેક રીટર્ન થયા બાદ નોટીસ આપ્યા બાદ કે કેસ દાખલ થયા બાદ પણ વિવાદી ચેકોની રકમ ફરીયાદીને ચુકવેલ હોવાનું પુરવાર થતુ નથી ફરીયાદીએ એન.આઈ. એકટના તમામ આવશ્યક તત્વો પુરવાર કરેલ છે, તેમજ ચેક આપેલ નહી હોવાનું કે ચેકમાં પોતાની સહી નહી હોવાનો આરોપીનો બચાવ નથી, ફરીયાદપક્ષના પુરાવાનું ખંડન કરતો ખંડનાત્મક પુરાવો આરોપી રેકર્ડ પર લાવવામાં સફળ થયેલ નથી ત્યારે ફરીયાદીનો કેસ પુરવાર માની જય સોમનાથ એન્ટરપ્રાઈઝના માલીક કપીલ મનોજભાઈ દવેને એક વર્ષની સજા ઉપરાંત રૂા.૫,૦૦,૦૦૦/-એક માસમાં ફરીયાદીને વળતર તરીકે ચુકવવા અને તેમાં કસુર કર્યો વધુ ત્રણ માસની એ રીતે સજા ફરમાવતો સમાચીન્હરૂપ ચુકાદો ફરમાવવામાં આવેલ.

ઉપરોક્ત કામના ફરીયાદી હસમુખ બાંભણીયા વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા તથા મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ હતા.

# રાજકોટમાં પરિવાર સૂતો હતો ત્યારે 16.88 લાખની ચોરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના બાલાજી પાર્ક વિસ્તારમાં તસ્કરોએ પરિવારને ઉંઘતો રાખી મકાનમાં ઘૂસી રૂ. ૧૬.૮૮ લાખની રોકડ અને સોનાના દાગીનાની ચોરી કરતાં ચકચાર મચી છે. મૂળ ખાંભાના માખાવડ ગામના અને હાલ બાલાજી પાર્કમાં રહેતા રમેશભાઈ ગાંડુભાઈ સખીયાની ફરિયાદના આધારે તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.પ્રાથમિક તપાસમાં તસ્કરો બીજા માળે ગેલેરીનો દરવાજો ખુલ્લો હોવાથી ઘરમાં પ્રવેશ્યા હતા અને કબાટની ચાવી મેળવી લોકર ખોલી રોકડ તથા દાગીના ચોરી ગયા હોવાનું સામે આવ્યું છે. ઘટનાના સીસીટીવી ફૂટેજના આધારે ક્રાઈમ બ્રાંચ, એલસીબી અને તાલુકા પોલીસની ટીમોએ તપાસ તેજ કરી છે તેમજ કેટલાક શંકાસ્પદ શખ્સોની પૂછપરછ હાથ ધરી છે.

# ઘાંચીવાડનો શખ્સ પિસ્તોલ અને કાર્ટિસ સાથે ઝડપાયો

## પીસીબી બાદ ડીસીબીએ બે દિવસમાં ચાર હથિયારો કબજે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની પીસીબીએ હથિયારનું રેકેટ ઝડપી લીધા બાદ ક્રાઈમ બ્રાંચે પણ હથિયારોનું કારસ્તાન ઝડપી લઈ ગઈકાલે ત્રણ હથિયારો સાથે બે શખ્સોની ધરપકડ કર્યા બાદ આજે વધુ એક શખ્સને હથિયાર સાથે ઝડપી લીધો હતો. હજુ પણ વધુ કર્યા બાદ હથિયારો કબજે થાય તેવી શક્યતા છે આરોપી વિરુદ્ધ મારામારી સહિતના બે ગુના નોંધાઈ ચુક્યા છે, હથિયાર ક્યાંથી લાવ્યો તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.રાજકોટ ક્રાઈમ બ્રાન્ચને મળેલી ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે



ઘાંચીવાડમાં આવેલી નદીના કાંઠે, ઘોડાના તબેલા પાસેથી ઘાંચીવાડના અરબાઝ અલ્તાફ દોઢીયાને દેશી બનાવટની પિસ્તોલ અને એક જીવતા કાર્ટિસ સાથે ઝડપી લઈ તેના વિરુદ્ધ ક્રાઈમ બ્રાંચમાં આર્મ્સ અને બીએનએસની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો આરોપી અલ્તાફ સામે મારામારી સહિતના બે ગુના અગાઉ એ.ડિવિઝન અને થોરાળા પોલીસમાં નોંધાયા છે. હથિયાર કોની પાસેથી લીધું હતું, ક્યા હેતુ માટે લીધું હતું તે સહિતના મુદ્દે હવે ક્રાઈમ બ્રાંચ તપાસ કરશે. ઉલ્લેખનીય છે કે, એસઓજી પણ હથિયારો અંગે હાલ તપાસ કરી રહી છે.



# ગ્રૂપ સ્ટેજમાં શાનદાર દેખાવ કરી રાજકોટની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં

## બલરામ ક્ષત્રીય મેમોરિયલ ટ્રોફીમાં જામનગરને 21-0, છોટાઉદેપુરને 25-0 અને મહેસાણાને 5-0થી હરાવ્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા ગાંધીનગર ખાતે આયોજિત ૩૫મી બલરામ ક્ષત્રીય મેમોરિયલ ટ્રોફી-૨૦૨૬ જુનિયર બોયઝ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટમાં રાજકોટ જિલ્લાની ટીમે ગ્રૂપ સ્ટેજમાં અત્યંત શાનદાર અને દમદાર દેખાવ કરીને ક્વાર્ટર ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે.

ગુજરાતના કુલ ૨૩ જિલ્લાઓની ટીમો વચ્ચે યોજાઈ રહેલી આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં રાજકોટની ટીમને મજબૂત ગ્રૂપમાં જામનગર, છોટાઉદેપુર અને મહેસાણા જિલ્લાની ટીમો સામે રમવાનું હતું. રાજકોટની ટીમે શરૂઆતથી જ આક્રમક રમત દર્શાવીને પોતાના પ્રતિસ્પર્ધીઓને કોઈ તક આપી નહોતી. ૨૦ જુલાઈએ રમાયેલી પ્રથમ મેચમાં જામનગરને ૨૧-૦થી, ૨૧ જુલાઈએ છોટાઉદેપુરને ૨૫-૦થી અને ૨૨ જુલાઈએ મહેસાણાને ૫-૦થી હરાવીને ગ્રૂપમાં અજેય રહી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે.

ટીમના આ પ્રદર્શનને કોચિંગ સ્ટાફ અને ફૂટબોલ નિષ્ણાતો દ્વારા અત્યંત પ્રશંસનીય ગણાવવામાં આવ્યું છે. સતત ત્રણ મેચોમાં વિશાળ અંતરથી જીત મેળવીને રાજકોટની ટીમે ટુર્નામેન્ટમાં પોતાની મજબૂત દાવેદારી રજૂ કરી છે.

હવે રાજકોટની ટીમ ૨૬ જુલાઈએ ક્વાર્ટર ફાઈનલમાં આણંદ જિલ્લા સામે ટકરાશે. આ મેચને લઈને ટીમમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસનો માહોલ જોવા મળી રહ્યો છે અને ખેલાડીઓ સતત પ્રેક્ટિસ સેશનમાં ભાગ લઈ રહ્યા છે.

રાજકોટની ટીમમાં કેપ્ટન અને ગોલકીપર રાજન રૈયાણી, અમન રૂદાતલા, નિત્યારાજસિંહ જાડેજા, હરિવંશ પટેલ, પ્રસન્ન ધોળકિયા, આરવ જગાણી, વેદ ચિત્રોડા, સમર્થ ઠાકર, એડમ ગૂસાઈન, અદ્વૈથ પ્રદીપ, અનિકેત ગુપ્તા, વૈદિક જાવિયા, વ્યોમ ધામેલિયા, માધવ બોરિચા, કબીર ચૌહાણ, આર્યન પટેલ, આયુષ નાયક, રામ ઓઝા, નિહાલ દિવેચા અને આદર્શ મિશ્રાનો સમાવેશ થાય છે. ટીમના હેડ કોચ અમીત સિયાળીયા અને મેનેજર દીપકરાવ યશવંતે છે, જેઓ સતત ખેલાડીઓને માર્ગદર્શન આપી રહ્યા છે.રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશનના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, સેક્રેટરી રોહિત બુંદેલા તેમજ એસોસિએશનના અન્ય હોદ્દેદારો અને સભ્યોએ ટીમને ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવા બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે અને આગળની મેચ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

# સોમેશ્વર મહાદેવ મંદિરે રવિવારે નિઃશુલ્ક ડેન્ટલ ચેકઅપ કેમ્પ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર માર્ગ નં. ૨ ઉપર આવેલ ઐતિહાસિક સોમેશ્વર મહાદેવ મંદિરે તા.૨૬-૦૭-૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૯:૩૦ થી ૧૨ દરમિયાન નિશુલ્ક ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ઈન્દિરા સર્કલ પાસે આવેલ ડો. નિર્માલ્સ ડેન્ટલ કિલનીકના દાંતના નિષ્ણાંત ડો. નિર્મલ ઉપસ્થિત રહી દાંતના રોગોની તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપશે. આ કેમ્પમાં સાથે આવેલ બાળકોને શ્યોર ગીફ્ટ પણ આપવામાં આવશે. તેમજ મંદિર તરફથી સાંધાના અને સ્નાયુના દુખાવા માટેનું સંપૂર્ણ આયુર્વેદિક તેલ વિનામુલ્યે આપવામાં આવશે. આ ડેન્ટલ નિદાન કેમ્પનો વધુમાં વધુ લોકોએ લાભ લેવા રાજુભાઈ જુંજાની એક યાદીમાં જણાવાયુ છે.

# CA જતીન જાજલ સામેની ફરિયાદ હાઈકોર્ટે રદ કરી

## 2021ના વ્યવહારો અંગેની ફરિયાદ 121 દિવસમાં રદ; ધંધાકીય વિવાદ તરીકે નોંધ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જતીન જાજલ સામે પ્રનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ ગુજરાત હાઈકોર્ટે રદ કરી છે. જતીન જાજલના જણાવ્યા મુજબ, ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ નોંધાયેલી ફરિયાદ સામે તેમણે હાઈકોર્ટમાં અરજી કરી હતી, જેના અનુસંધાને ૧૩ જુલાઈ ૨૦૨૬ના રોજ હાઈકોર્ટે ફરિયાદ રદ કરવાનો હુકમ કર્યો હતો.પ્રેસ નિવેદન મુજબ, ફરિયાદમાં ઉલ્લેખિત વ્યવહારો વર્ષ ૨૦૨૧ના હતા. આ જ મુદ્દે અગાઉ પણ પોલીસ તપાસ થઈ ચૂકી હતી અને તે સમયે છેતરપિંડી કે વિશ્વાસઘાતના કોઈ પુરાવા મળ્યા ન હતા. ત્યારબાદ રોકાણકારોએ વર્ષ ૨૦૨૩માં રાજકોટ સિવિલ કોર્ટમાં દીવાની દાવા દાખલ કર્યા હતા, જે હાલ વિચારાધીન છે.જતીન જાજલ તરફથી એડવોકેટ ધ્રુવ ટોળિયા અને તુષાર ગોકાણીએ રજૂઆત કરી હતી. ફરિયાદી તરફથી પણ કોર્ટમાં સ્વીકારાયું હતું કે



તમામ વ્યવહારો ધંધાકીય હતા અને જતીન જાજલની ભૂમિકા માત્ર સલાહકાર તથા પ્રોજેક્ટ રિપોર્ટ સુધી મર્યાદિત હતી. હાઈકોર્ટે દસ્તાવેજોના આધારે ફરિયાદ રદ કરી હતી.રોકાણકારોએ ૨૦૨૩ના દીવાની કેસો પરત ખેંચવાની ખાતરી આપી છે.જતીન જાજલ ૨૦૦૫થી CA પ્રેક્ટિસમાં છે અને પ્રોજેક્ટ ફાઈનાન્સ તથા ઈન્ડસ્ટ્રીયલ સબસિડી ક્ષેત્રે કાર્યરત છે. તેઓ ICAIના રાજકોટ બ્રાન્ચના પૂર્વ પ્રમુખ રહી ચૂક્યા છે અને આંતરરાષ્ટ્રીય મંચોમાં ભારતનું પ્રતિનિધિત્વ પણ કરી ચૂક્યા છે.







# રાજકોટમાં 167મા આવકવેરા દિવસની ઉજવણી કરાઈ

## ફેન્સી ડ્રેસ, ચિત્ર સ્પર્ધાના વિજેતાઓનું સન્માન અને ઓર્કેસ્ટ્રા કાર્યક્રમ યોજાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

૧૬૭મા આવકવેરા દિવસની ઉજવણીના ભાગરૂપે રાજકોટના મુખ્ય આવકવેરા કમિશનરની કચેરી દ્વારા ફેન્સી ડ્રેસ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધાના વિજેતાઓનું સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય આવકવેરા કમિશ્નર સતીશ કુમાર ગોયલ, પ્રધાન આવકવેરા કમિશ્નર ડૉ. સુનીલ ગૌતમ, વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, તેમના પરિવારજનો તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ૨૩ જુલાઈએ ૫થી ૧૫ વર્ષની વયના બાળકો માટે યોજાયેલી ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સ્કાય મ્યુઝિક ઇવેન્ટ્સ દ્વારા ઓર્કેસ્ટ્રા કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વિવિધ સંગીતમય પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન આવકવેરા વિભાગ અને રાજકોટ સી.એ. એસોસિએશનના સભ્યો વચ્ચે પરસ્પર સંવાદ અને એકતાની ભાવના મજબૂત બને તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનોને સાંસ્કૃતિક માહોલમાં વિભાગના સમૃદ્ધ વારસાની ઉજવણી કરવાની તક મળી હતી.

આ પ્રસંગે સી.એ. એસોસિએશન અને આઈ.ટી.પી. એસોસિએશનના હોદ્દેદારોએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. મુખ્ય આવકવેરા કમિશ્નર સતીશ કુમાર ગોયલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ૧૮૬૦માં આવકવેરાની શરૂઆતથી લઈને આજ સુધી વિભાગે અનેક તબક્કાઓ પાર કર્યા છે અને હવે ડિજિટલ ક્રાંતિના યુગમાં કરવેરા વ્યવસ્થામાં પારદર્શિતા અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે.



# જિલ્લા પંચાયતની રૂ. 3.50 લાખની ગ્રાન્ટમાંથી ગવરીદડમાં કોઝવેના કામનું ખાતમુહૂર્ત કરાયું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આજ રોજ રાજકોટ જિલ્લા પંચાયત સ્વ. ભંડોળની ૩.૫૦ લાખની ગ્રાન્ટ માથી તાલુકાના ગવરીદડ ગામે વસંતભાઈ ની વાડી પાસે કોજવેનું ખાતમૂર્હત કરવામાં આવ્યું. આ ખાતમૂર્હત પ્રસંગે રાજકોટ જિલ્લા પંચાયત બેડી-૩ સીટના સભ્ય પ્રતિનિધિ રાજેશભાઇ ચાવડા(રાજાભાઇ), ગવરીદડ ગામના સરપંચ પ્રતિનિધિ મનીષભાઈ અજાણી, ગવરીદડ ગામના ઉપ સરપંચ ભરતભાઈ, વિજયભાઈ, અશોકભાઇ, મેપાભાઇ, વસંતભાઈ, રાજકોટ તાલુકા યુવા ભાજપના મહામંત્રી ધનરાજભાઈ ડોડીયા, રાજકોટ તાલુકા પંચાયત સભ્ય પ્રતિનિધિ ધનરાજભાઈ રાઠોડ, રાજકોટ તાલુકા ભાજપાના પ્રમુખ કેયૂરભાઈ ઢોલરીયા, રાજકોટ તાલુકા ભાજપાના અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ સુરેશભાઈ મકવાણા, કેશુભાઈ, પાર્થભાઈ, ધીરૂભાઈ, હસુભાઈ, રામજીભાઈ, વીરજીભાઈ, બ્રિજેશભાઈ, કિશોરભાઈ, અજયભાઈ સાગઠીયા, મીત ગોહેલ તથા આગેવાનો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# NEET મુદ્દે સરકારના વલણ સામે રમેશ ડૈયાની ટીકા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

એસ.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેન રમેશ ડૈયાએ NEET પેપર લીક મુદ્દે કેન્દ્ર સરકારના વલણની ટીકા કરી છે. તેમણે નિવેદનમાં જણાવ્યું છે કે વિદ્યાર્થીઓના આંદોલન અને વિરોધ પ્રદર્શન બાદ સરકાર દ્વારા થયેલી પ્રતિક્રિયા મોડેથી આવી હોવાનું તેઓ માને છે.રમેશ ડૈયાના જણાવ્યા મુજબ, NEET પેપર લીક જેવી ઘટનાને ગંભીરતાથી લઈને તાત્કાલિક કાર્યવાહી થવી જોઈએ હતી. તેમણે કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગણી કરતાં જણાવ્યું કે સમયસર જવાબદારી નક્કી કરવામાં આવી હોત તો આંદોલન અને અનશનની સ્થિતિ ઊભી થઈ ન હોત.તેમણે વધુમાં આક્ષેપ કર્યો કે સરકારે અગાઉ પણ અનેક આંદોલનોને દબાવવાનો પ્રયાસ કર્યો છે અને વિદ્યાર્થીઓના આંદોલન પ્રત્યે પણ સંવેદનશીલતા દાખવી નથી. તેમના મતે લોકશાહી વ્યવસ્થામાં શાંતિપૂર્ણ વિરોધને સન્માન મળવું જોઈએ.રમેશ ડૈયાએ નિવેદનના અંતમાં વિદ્યાર્થીઓના આંદોલનને



**» શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ; વિદ્યાર્થીઓના આંદોલનને સમર્થન વ્યક્ત કર્યું**

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમર્થન આપનારા તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો અને વિદ્યાર્થીઓના હિતના પ્રશ્ને સંઘર્ષ ચાલુ રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.


# વિદ્યાર્થીઓના ન્યાય મુદ્દે લોકસંસદ વિચાર મંચના ધરણાં

## રાજકોટથી ઓસ્ટ્રેલિયા સુધી પ્રતીકાત્મક વિરોધ; શિક્ષણ મંત્રીના રાજીનામા અને વિદ્યાર્થીઓને સહાયની માંગ











સિટી ન્યૂઝ@રાજકોટ

વિદ્યાર્થીઓના ન્યાય, શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા, જવાબદારી અને પરીક્ષા પદ્ધતિમાં સુધારાની માંગ સાથે લોકસંસદ વિચાર મંચ દ્વારા રાજકોટ સહિત વિવિધ સ્થળોએ તેમજ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં પ્રતીકાત્મક ધરણાં યોજવામાં આવ્યા હતા. મંચે દાવો કર્યો છે કે રાજકોટમાં શાંતિપૂર્ણ વિરોધ કાર્યક્રમો માટે પોલીસ દ્વારા અપનાવવામાં આવતી નીતિ અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે અને લોકશાહી અધિકારોના અમલ અંગે ચર્ચા જરૂરી બની છે.મંચના જણાવ્યા મુજબ ભક્તિનગર સર્કલ ખાતે ધરણાં માટે નિયમ મુજબ મંજૂરી માંગવામાં આવી હતી. જોકે કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં અરજદાર ગજેન્દ્રસિંહ ઝાલા સહિત મંચના આગેવાનોની અટકાયત કરવામાં આવી હતી. મંચે આ કાર્યવાહી સામે વિરોધ નોંધાવી પોલીસ દ્વારા અલગ-અલગ કાર્યક્રમોમાં ભેદભાવપૂર્ણ વલણ અપનાવવામાં આવતું હોવાનો આક્ષેપ કર્યો છે. સાથે જ શાંતિપૂર્ણ વિરોધના અધિકારને અવરોધવામાં આવતો હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ત્યારબાદ મંચના આગેવાનોએ પોતાના નિવાસસ્થાનો પર પ્રતીકાત્મક શાંતિપૂર્ણ ધરણાં યોજવાનો નિર્ણય કર્યો હતો. ભક્તિનગર વિસ્તારમાં ગજેન્દ્રસિંહ ઝાલાએ પોતાના નિવાસસ્થાને ધરણાં યોજ્યા હતા, જ્યારે શહેરના વિવિધ વિસ્તારોમાં એડવોકેટ ઈન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, પ્રવીણભાઈ લાખાણી, જશુબા વાંક, નટુભા ઝાલા, સરલાબેન પાટડીયા, પી. જે. પારેખ સહિતના આગેવાનોએ પણ પોતાના ઘરઆંગણે શાંતિપૂર્ણ રીતે વિરોધ કાર્યક્રમો યોજ્યા હતા. મંચના જણાવ્યા મુજબ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં પણ સમર્થનરૂપે પ્રતીકાત્મક ધરણું યોજાયું હતું, જેનાથી આ મુદ્દાને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રતિસાદ મળ્યો હોવાનું જણાવાયું છે.

લોકસંસદ વિચાર મંચે જણાવ્યું છે કે તેમનો સંઘર્ષ કોઈ વ્યક્તિ કે સંસ્થા વિરુદ્ધ નહીં પરંતુ વિદ્યાર્થીઓને ન્યાય મળે, શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા જળવાઈ રહે, પરીક્ષા પ્રક્રિયામાં જવાબદારી નક્કી થાય અને યુવાનોના ભવિષ્યને સુરક્ષિત બનાવવામાં આવે તે માટે છે. મંચે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે NEET સંબંધિત આત્મહત્યાના બનાવોમાં પીડિત પરિવારોને તાત્કાલિક સહાય તથા જંતર-મંતર ખાતે વિરોધ દરમિયાન મૃત્યુ પામેલા વિદ્યાર્થીના પરિવારને યોગ્ય વળતર આપવાની પણ માંગ કરી છે.

મંચે વધુમાં જણાવ્યું છે કે વિદ્યાર્થીઓને ન્યાય મળે ત્યાં સુધી લોકશાહી, અહિંસક અને શાંતિપૂર્ણ રીતે તબક્કાવાર આંદોલન ચાલુ રાખવામાં આવશે અને આગામી દિવસોમાં વધુ વ્યાપક સ્તરે કાર્યક્રમો યોજવામાં આવશે.






## સિનીયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાએ

# રાજકોટ સ્ટેશને કેટરિંગ સેવાઓનું સઘન નિરીક્ષણ કરાયું

સિટી ન્યૂઝ@રાજકોટ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા મુસાફરોને સુરક્ષિત, સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત કેટરિંગ સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે ચાલી રહેલા અભિયાન અંતર્ગત સિનીયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાએ રાજકોટ રેલવે સ્ટેશન પર વિવિધ કેટરિંગ સ્ટોલનું સઘન નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન ખાદ્ય અને પેય પદાર્થોની ગુણવત્તા, જથ્થો, સ્વચ્છતા, ભાવપત્રક, ખાદ્યસામગ્રીની જાળવણી તેમજ મુસાફરોને આપવામાં આવતી સેવાઓની બારીકાઈથી સમીક્ષા કરવામાં આવી હતી. સંબંધિત અધિકારીઓ અને કેટરિંગ સંચાલકોને મુસાફરોને નિર્ધારિત ધોરણો મુજબ તાજું, સ્વચ્છ અને ઉચ્ચ ગુણવત્તાવાળું ભોજન ઉપલબ્ધ કરાવવા તેમજ ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના તમામ નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી. ત્યારબાદ ટ્રેન નંબર ૧૫૬૩૫ ઓખાગુવાહાટી એક્સપ્રેસની પેન્ટ્રીકારનું પણ ગહન નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ભોજનની ગુણવત્તા અને જથ્થા ઉપરાંત ખાદ્યસામગ્રીના સંગ્રહ, રસોડાની સ્વચ્છતા, ભોજન તૈયાર કરવાની અને પીરસવાની પ્રક્રિયા તેમજ મુસાફરોને અપાતી કેટરિંગ સેવાઓની વિસ્તૃત તપાસ કરવામાં આવી હતી. નિરીક્ષણ દરમિયાન ફરજ પરના કર્મચારીઓને વ્યક્તિગત સ્વચ્છતા જાળવવા, ખાદ્ય સુરક્ષા ધોરણોનું પાલન કરવા, ભોજનનું સલામત હેન્ડલિંગ કરવા તેમજ મુસાફરો સાથે નમ્ર અને સૌહાર્દપૂર્ણ વર્તન રાખવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત સમયસર અને ગુણવત્તાયુક્ત સેવા પૂરી પાડવા પણ ભાર મૂકવામાં આવ્યો હતો. રાજકોટ ડિવિઝન દ્વારા જણાવાયું છે કે મુસાફરોને સુરક્ષિત, સ્વચ્છ અને ઉચ્ચ ગુણવત્તાવાળી કેટરિંગ સેવાઓ મળી રહે તે માટે નિયમિત મોનિટરિંગ, ગુણવત્તા તપાસ અને આકસ્મિક નિરીક્ષણની કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે.

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?



**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો –
**"સિટી ન્યૂઝ રાજકોટ"** સુધી!

તમારી સમસ્યાનો
**ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત
**અધિકારીઓ** સુધી પહોંચાડશું

ચૂંટણી હોય કે ન હોય –
**"સિટી ન્યૂઝ"** હંમેશાં રાજકોટની પડખે!



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે**
**આપનો સહકાર જરૂરી**